श्री.

अर्पणपत्रिका.

રા. રા. સાંકળચંદ રતનચંદ વકીલ.

એકત્રીસા સવૈયા.

શ્રીમાળી જ્ઞાતિ પ્રખ્યાતી, આદ્ય મધ્યમા છો સદ્‌ગૃહસ્થ;
પાદલિપ્ત પુરની પેઢીમાં, પુન્ય પ્રતાપે થયા પદસ્થ;
ધન ધન સિદ્ધાચળ ધનરક્ષક, દક્ષ પરીક્ષક દીલ ઉદાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર;
રતનચંદના રત્નપુત્ર છો, સમતા સાગર સાંકળચંદ;
સત્યવચન અમૃત સમ ઉચરી, આપો આપ અધિક આનંદ;
લઘુ વયથી મમ ઉપર આપનો, નિરમળ પરિપૂરણ છે પ્યાર;
કરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર
વડીલ વકીલ વિદ્યારસવેત્તા, વિનીત વિવેકી સુનીતિવાન;
પરમ પ્રમાણિક પ્રૌઢ પરાક્રમી, માહાજનમાં છે મ્હોટું માન;
કીર્તિની સંપતિના તસ્કરો, દંડાવ્યા દોરી દરબાર;
કિરૂં અર્પણ આ નાટક ઉત્તમ, સ્નેહ સહિત કરશો સ્વીકાર;

સંવત ૧૯૪૭ ના ચૈતરી પુનમ	અધ્યાપક કેશવલાલ શીવરામ.

શ્રી

સંગીત લીલાવતી નાટક.

પંચાંકી

પાત્રજન

સુત્રધાર....................નટ નાયક

વિદુષક....................મોદકાનંદ, સદાફૂળનો રસોઇઓ.

નટી.... ....સૂત્રધારની સ્ત્રી

સદાફૂળ....................કૌશામ્બી નગરીનો નગરશેઠ

સંજલદે....................તેની સ્ત્રી

સુમતિવિલાસ..............તેનો પુત્ર

સ્વાર્થદત્ત.................. સુમતિવિલાસનો મિત્ર

જોઇતો.... ....સુમતિવિલાસનો હજુરીઓ

કામસેના...................કૌશામ્બી નગરીના વેશ્યા

કપટકળા........ ....કામસેનાની સાહેલી ગણિકા

કનકસેન....................કૌશામ્બીનો રાજા

સચીવ......................તેનો પ્રધાન.

સોમદત્ત....................સુમતિવિલાસનો સસરો, [સારંગપુરનો શેઠ]

સુભગા.... ....સુમતિવિલાસની સાસુ

પોચાપારેખ................સોમદત્તનો મુનિમ

લીલાવતી....................સુમતિવિલાસની સ્ત્રી

સુગુણમંજરી................લીલાવતીની સખી

લાલજા......................સુમતિવિલાસની બેન

વીરવિલાસ..................લીલાવતીનો પુત્ર

સ્થળ કૌશામ્બી નગરી અને સારંગપુર નગર

શ્રી.

સંગીત લીલાવતી નાટક.

અંક પહેલો.

પ્રસ્તાવના.

સ્થળ-રંગમંડપ-મંગળાચરણ.

સૂત્રધાર — શાર્દૂલ વિક્રીડિત.

શ્રીસંખેશ્વર પાર્શ્વનાથ પ્રણમું, આપો સદા સંપદા,
કાપો પાપ અમાપ તાપ ત્રિવિધે, સેવા કરૂં સર્વદા.
હે વિશ્વેશ વિચિત્ર વેશ ભજવું, આ વિશ્વભૂમિ મહીં,
રીઝીને સુપસાય થાય અમને, આનંદદાતા અહીં.

ત્રિતાળી ચોપાઇ.

નાટક પાત્રને વેશ સમજાવ્યો, હજુ કેમ વિદૂષક નાવ્યો;
વિદૂ-આવ્યો વેશ રચીને વિચિત્ર, ફરમાવો હુકમ હવે મિત્ર.

સૂત્રધાર— ગીતિ-લાવણી.

શિવસુત કેશવ કૃત હું, "સંગીત લીલાવતી નાટક" ભજવું;
વેશ્યા વ્યસન નિષેધી, આર્ય સકળને શિયળ વસન સજવું.
એમાં ભાગ છે તારો, સજ્જન હસાવા હાસ્ય વચન બોલી;
માગે શું મહેનતનું, બોલ બરાબર તું અંતર ખોલી ૪.
વિદૂષક-લચપચતા નવ લાડુ, નિત જમવાની ટેવ પડી મારી;
જો મુજને એ મળશે, સૂત્રધાર ભજવીશ સેવા સારી. ૫.
સૂત્રધાર-જરૂર વિદૂષક જાણજે, સંસારમાં સીધું મળશે સારૂં;
રંગે હર્ષ પ્રસંગે, ભજાવજે તું અનુપમ કામ તારૂં. ૬.
વિદૂષક-અને નાટક કે શું ભવાઇ, કે જોગી ગયા જોગમાં આઇ;

સૂત્રધાર— ગીતિ—લાવણી.

અણસમજુ સમજે છે નાટકકળાને બગાડના સરખી;
લગે કાચ કે હીરો, વગર ઝવેરી કોણ શકે પરખી ?
કવિવર ફીકર ન કરશો, [illegible] ઉત્તમ નાટકને,
શું શેલડી સુકાશે, કરે અનાદર ગર્ધભ સાકરને—

વિદૂષક— ત્રિતાળી ચોપાઈ.

સુગનાથી નહી સમજાઓ, કરો અધિક વિવેચન કાંઈ;
સુ—[illegible] લાગી કેમ લગતુ વાર... ....
નટી .... આજ્ઞા આપો આવી ભરથાર;
સુ—નાટક વર્ણન કરો સુવિશેષ... ....
નટી.. કરૂ આપ પ્રમાણે આદેશ.

શ્રી જગતપતી. પ્રભુ આપ સન્મતિ—(એ રાગ)

શ્રી શંખેશ્વરા, પ્રભુ! પાર્શ્વ જીનવરા;
તેં નિવારી જાદવોની વ્હાલાથી જરા,—એ ટેક,
અંતરજામી વિભુ! વિસારમી, સમરી શિવપુર સાથ;
વંદુ પદ અરવિંદ વિનયથી, હેતે જોડી હાથ. શ્રી. ૮
જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ઇંદ્રપુરી અનુસાર;
સુંદર કૌશાંબી નગરી કહી, જ્યાં વિવિધ વિધ વ્યાપાર. શ્રી ૯
ગુણીક "મહાકૃત" નગરશેઠ ત્યાં, તસ સુત "સુમતિવિલાસ;"
"લીલાવતી" લલના તેની જે; પૂરણ બુદ્ધિપ્રકાશ. શ્રી. ૧૦
અજબ બની આહેરણી આપે, ઓઢી કાળા અંગ;
તીક્ષ્ણ બુદ્ધિ થકી તજાવ્યો, સ્વામી વેશ્યા સંગ. શ્રી. ૧૧
ગણિકા ઘરથી નિજ ઘર આવી, કપટ કેળવી કંથ;
સુખ વિલસી [illegible] પાળો સંજમ [illegible] શ્રી. ૧૨
[illegible] દેખતા તેહ [illegible] નાટક [illegible];

ભજવુ ભાવ ધરી ભગવંતા, જય જય કર્ય જીનરાજ. શ્રી. ૧૩
રિ-જાઉં નાધવા બખત થયો છે, શેઠ સદાફળ ઘેર.
સેજલદે શેઠાણી સારાં, લાડુની છે લ્હેર. શ્રી. ૧૪
સૌ સભા જનો, ઉપકાર આપનો,
પધારીને કૃપા કરી સ્વધર્મી સજ્જનો. શ્રી. ૧૫

(ઇતિ પ્રસ્તાવના)

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

સદાફળ—(રાગઈદ્રસભાનો—રાજાજીતો સૌ ગએ એ રાહ)
પ્રાણપ્રિયા સુણ પુત્ર આપણો, સુંદર સુમતિવિલાસ,
બાળપણથી નિપુણ નિરખિયો, અતિ કરી શાસ્ત્ર અભ્યાસ. ૧૬
હેતે મન જીનશાસન શ્રદ્ધા, સદગુરૂને સંજોગ;
પ્રતિદિન પ્યારી પ્રભુની પૂજન, વિરચે છે વિધિ જોગ ૧૭
સે'—પ્રાણપતિ અતિ પુન્યઉદયથી, પામ્યા એવો પુત્ર;
કુળદીપક એ દીસ્યા દીકરો, શોભાવશે ઘરસૂત્ર ૧૮
મન મોહનના મીઠા વચનો, સુણી અમૃત અનુસાર;
એ અલબેલા ને અવલોકી, સફળ ગણું સંસાર ૧૯
સ—જુઠું મુખથી જરી ન બોલે પળે હુકમ હમેશ;
સે'—એ રૂપાળા કદી રીસાઈ, કરે ન કિંચિત્ કલેશ ૨૦
ભાગ્યશાળી એ ભોગવશે ભોગ, વૈભવ વિવિધ પ્રકાર;
સ—સ્નેહ ધરીને સદા પાળશે, શ્રાવક કુળ આચાર;
સજેલદે—(અરબી દીપકંદી અભોવા શાને રયો છો-એ રાહ)

શાસન દેવી કરશે સંરક્ષણ. (એ ટેક)

સ—વ્હાલો લાગે વિનય વિચિક્ષણ. એ ટેક

દોસ્તિ નહી દુર્જન તણી દીસે, વ્યસન મળે નહીં વાલ;વ્હાલો.
પણ શોખિલો એ સુઘડ ઘણો છે, લાડકડો તુજ લાલ. વ્હાલો૨૨

સે'—વ્હાલા વાલમ મુજને છે માલમ, વરણાગી કરતો વિશેષ શાસન.
શોખીન દીસે છે પણ સુત સારો, નવ અપલક્ષણ લેશ.શાસન૨૩
બુદ્ધિશાળી પુન્યશાળી બાળુડો, જીવજો વર્ષ હજાર. શા—
આંખોની કીકીથી અધિક છે વ્હાલો, જીવનો જીવણહાર.શા,૨૪

સ—ચુઆને ચંદન અતર અરગજા, અંગ વિલેપે આપ વ્હાલો.
ઘોડાની ગાડીઓ નિત્ય દોડાવે, પુરવ પુન્ય પ્રતાપ. વ્હાલો. ૨૫

સે'—આ સરવે એનો પૈસો છે, ખુબ ખરચે ધરી ખાંત; શા૦
થાય ઉચાટ જતાં રજ આઘો, નિરખ્યાથી મુજને નિરાત. શા,૨૭

સ—શ્રી જીનશાસન શોભા વધારશે, થાશે વડો વિદ્વાન, વ્હા૦
સકળ કળામા કુશળ દીસે છે, મહીપતિ દેશે માન. વ્હા૦ ૨૭

સે'—એ થકી સુખીયા આપણ આહા !! દીકરો ડાહાપણદાર,વ્હા૦

સ—વાત સુપુત્રની વરણવીએ શી, વાણી થકી વારંવાર વ્હા ૨૮

ઓ—(પ્રવેશ કરી) ગીતિ-લાવણી

સાહેબ સમય થયો છે, પધારીએ ભોજન કરવા ભાવે;

સ—બોલાવ જા સુમતિને..................................

સે..................અમને એ વીણુ જમતાં નહીં ફાવે. ૨૯

ઓ—ઉઠો એમણે ખાધું, સ્વારથીઆ સાથે જાશે ફરવા;

સે—હે તારે આ ઉઠ્યા..

સ—...................................અમારા ખાતા ઠાઠે શું કરવા.,૩૦,

પ્રવેશ ૨ જો.

સુમતિવિલાસ—(ખુશ રહો સનમજી—એ રાહ.

સુણ સજનસંધ્યા સમયસેલને સારૂ, ફરવા આવો ફોંકડા થયું મનમારૂ;
ઘોડાગાડીમાં રોજમોજ માણું છું, પણ જવું ચાલતા આજ લાભ ધારૂ છું;
સ્વા—સાહેબની મરજી એજ અમારી મરજી, આપો અંગરખું તમે
:સ્વીકારી અરજી,
આવીશુ પાછા સેલ કરીને જ્યારે, જમવા જાવું છે પછી શેઠજી મારે
સુ—જાજે જમવાને કોણ તને રોકે છે......................
મો—....................એના બાપા આગળ એમાં શું કહે છે.
સ્વા—લે આ મુકી દે ફકડ પેલી પ્હેરૂં......................
જો—..................આ પ્હેરૂં ધોતીયું અરે શેઠજી કેરૂં. ૩૩
સુ—જાવું છે ફરવા બહાર અમારે બેને ....
મો.....................જોઇતા જોઇએ તો આપ્ય જુતીઓ એને
જો—જઇ પેલા ઓરડે જુઓ જુતીઓ જડશે, અંગરખું આનુ
આજ પેરવું પડશે. ૩૪
સ્વા—જોડા એ નાના નહી પ્હેરતા ફાવે.............. ....
મો—......................કયાથી અક્કરમીના પગમાં એ આવે.

સ્વા—જોડા જોઇએ નહીં પગે ઉઘાડે જઇશું,
શુ કરવું શેઠને કામ એટલું સહીશુ; ૩૫
જો—લ્યો પાનબીડી પણ તમે સોપારી સાથે,
ભભકો મારીને જાઓ શેઠ સંગાથે.
સ—અત્તરનું પુમડું આપ્ય કાનમાં ઘાલું,
શેઠજી બરાબર બની બજારે ચાલુ. ૩૬
જો—કયમ શેઠ સ્વારથીઆનો વિશ્વાસ કરે છે,
એ પ્રપંચી પૈસા પટાવી પેટ ભરે છે.
મો—જોવાના જોવાને આવે પાછા જઇએ.
કરી મરેખરી ખાતરી શેઠને કહીએ.

પ્રવેશ ૩ જો.

કપટકળા— ગીતિ-લાવણી.

આમ "કામસેના" તું, વિરહાનળમાં વ્યાકુળ થઇ વારૂ,
વાર ઘીસો પુચ્છે છે, અંતર શાખે મુજથી શા સારૂં. ૩૮

કા—જાણી તને અજાણી, શાણી "કપટકળા" શું પુછે છે!
નથી સુઝતુ કાઇ, રે મુજને સ્મર શત્રુ પજવે છે. ૩૯
જે મેં તને બતાવ્યો કાલે ઝરૂખેથી સંધ્યાકાળે,
એ મનમંદિર આવી, પ્રેમઅગ્નિથી બેન મને બાળે ૪૦

ક—અરે ઓળખ્યો એને, વણિકજાતની સોબત શી કરવી.
આપણ સમ સ્વાંગથીઆ, યાર કરી ધન આશ નહી ધરવી ૪૧

કામસેના—કાલિંગડો-દાદરો બહુલ ગયો નેનારે એ રાહ.

મદન પડયો કેડેરે, (૨) ઘણી ઘભરાઇરે—મદન એ ટેક.
મનહસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ કયાંરે, મદન
કોકવિચિક્ષણ વિણ વિહ્વલ હું, તુજ મનગાડી ગણાઇરે મદન ૪૨
જો સ્વપને સંજોગ બનેતો, પોઢું પલંગ ફુલ છાઇરે, મદન
પણ પતિવિણ નિંદ્રા નહીં આવે, કાળજડામા થાય કાઇ કાંઇરે મ.

ક—બળાપો ન કર બાળારે (૨) વિચારી કાંઇરે, બળાપો એ ટેક
અઘટિત ગુણકાને કરવું આ. આપણી એમાં કમાઇરે, બળાપો.

કા—જોબન પૂર વિષે જાવાની, સ્વારથ સમજ તણાઇરે. મદન ૪૪

કપટ— ગીતિ-લાવણી.

એથી અધિક રૂપાળા, રાજ કુંવર તુજને રાખે રંગે;
સુખ સખી શું મળશે, શેઠ સદાફળ તણા પુત્ર સંગે ૪૫

કા—(પીલુ દીપચંદી કહુંછુ નસીએ દુખિયો કીધો છે એ રાહ)
લાભસખીએને મનલલચાણું, એથી અધિકખીજો જગમાં નજાણું. ટેક
મનમોહન મદને આવી મુજને, ઘાયલ કીધી છે મન પજાણું આ.

ભ્રમર ધનુષ ચઢી નયનકટાક્ષે, અરર કરવું મારૂં કાળજું કાપ્યું,
ચતુર મનોહર ચંદ્રવદનથી, પ્રેમની ભરતીએ હૃદય ભરાણું, બા.
સુંદર સાડી સિંદૂરના સરખી, ગમતું નથી હીરા મોતી ધરાણું બા.
શું રે કરું સખી સંગીત સાજ એ, વ્હાલા વિના ગમે ગાવું ન ગાણું
રસવતી રસિયા વિના પીરસી પણ, ઝેર જેવું લાગ્યું કંઈ ન જમાણું,
હેમપલંગ હુતાશન સરીખો, બાળે શરીર મખમલનું બીછાણું. બા.
તો સુખદાયક શયન સામગ્રી, મનગમતાથી મદનસુખ માણું, બા.

(ઝરૂખે જોઇ) ગજલ. નારીના કટાક્ષ પાસે એ રાહ.

જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણનાથ,
સમજાવીને લાવ્ય સ્નેહ બાંધુ તેહ સાથ,
ચિત્ત હરણ ચતુર વિના પડતું નથી ચેન;
આડો આવળી વાત બધી મુકય મારી બેન. ૫૦

ક— લે બોલાવી લાવુ બાઇ હું તારી હજુર,
એ પ્રપંચપાશ સર્વ જાણુંછુ જરૂર,
ઘર વેચાવ્યા કંઇક તણા પાડ વિપત વીખ,
ભલભલાને ભોળવી મંગાવી મેં તો ભીખ,

કા— હાથમાં ગુલાબ છડી ચાલ છટાદાર,
જલદી જા બોલાવ્ય મારો એ હૈયાનો હાર.

સુ—(સ્વગત)
કાંક વાત કહી સખીને મારી નયન બાણ;
આવશે બોલાવવા શું હરણ કરવા પ્રાણ. ૫૨

ક—રાગ સોરઠ ત્રિતાળી (પ્રિયા પરદેશમાં રહીઆં એ રાહ)
ઉપર અલબેલા આવો, સુંદર શા સારૂ તલસાવો ઉપર એ ટેક)
બાઇ અમારી આપ વિયોગી, સુરત ક્રીડા કરીએ સંજોગી.
અધરામૃત અભિરોગી, ભામિની ભોગી દયે ભાવો. સુ-ઉ ૫૩

સુ—જીલ્લો ત્રિતાલ, હાંસ અપના કહુ મેં કેસે (એ રાહ)
પ્રેમવચન શરથી મન વીંધ્યાં સ્નેહ સાંકળી સજડ જડીરે,
તિરછાં નયન કરે તન તાણે, પ્રિય ચિત્તવૃત્તિ કેદ પડીરે, પ્રે.૫૪
આ ગણિકા મમ મનમૃગ ઘેરી, ખસવા દે નહી ગોખ ખડીરે,
સત્ય શિયળ નિતિ સંહારણ, મદનફોજ ગોતરફ ચઢીરે, પ્રે, ૫૫
કામ ન સુઝે સજન શું કરવું, આપો સલાહ કંઇ ઘાટ ઘડીરે,
સ્વા સાહેબ શું કરવા શરમાવો, જાઓ સુખે નહીં વાત વડીરે,૫૬
(સુમતિવિલાસને શરમાતા જોઇને ત્રિતાલ ચોપાઈ)
મારા સમજો તમે શરમાવો, ભલે વેશ્યા ભૂવન મહીં જાઓ;
હું તો ખાનગી મીત્ર તમારો, ક્યાંય વાત નથી કરનારો. ૫૭
દેશાટનને પંડિત જન પ્રેમ, અતિ શાસ્ત્રને વાચવું એમ,
વેશ્યા ઘરને કચેરી પ્રવેશ, વધે ચતુરપણું ત્યાં વિશેષ. ૫૮
નીતિ શાસ્ત્રે કહ્યું નિરધાર, વેશ્યા સ્નેહમા શેઠજી સાર;
જો-સાળે આશું ઉંધું સમજાવ્યું, એના લમણામાં જુતુ જડાતુ૫૯
આ—વડા શેઠનું થાય વગોણું, નથી કરવું આ જગતમા જોણું.
તાલમખાજ વગેરે તમામ, છાંનો રે' કાઢી નાખશે કામ. ૬૦
વેશ્યાવાડો વટાવીને જઇએ, લથડધક્કે એને પછી લઇએ,
સ્વા-તમે દોસ્ત મારા જીવજાન, વીંટી આપો આતો મેહેરબાન
સુ— ગીતિ લાવણી
હીરાની વીંટી હું, લે આપું જા આંગળીએ ઘાલી;
બતાવજે બધરાને, મલકાવી મુખ પતંગમાં મ્હાલી, ૬૨
વારવિલાસ— ત્રિતાળી ચોપાઇ
શેઠ સાહેબ તમને શાબાશ, અમ જેવાની પુરતા આશ, ૬૩
બલિરાયથી અધિક-ઉદાર, ઝટ જાઓ એમાં શો વિચાર.
લાલ આજ [illegible] રંગ [illegible], [illegible] જમવાનો વખત હું જઉછું,

સુમ—ઠીક જાઓ મને ફરી મળજો,
બોલ્યા બોલ પ્રમાણે પળજો; ૬૪
સુમતિ—(કપટકેળાને) કુલથાળું દીપચંદી.
નાના મારે એની સાથમાં જાવું, એને મુકી ઘર એકલો આવું,
ક—જાઓ જીહાં શેઠ સ્નેહ જણાવી, બાવરી બાઇ અમારી બનાવી ૬૫
હરણુ કરયુ મન સુખ મલકાવી, લોચનને લટકે લલચાવી જા,
બરજોબનમા મમ સખી આવી, મૂરછી નાંખી શુધબુધ ભૂલાવી ૬૬
ખાન પાન ગુણગાન તજાવી, સ્નેહની જાળે સખી સપડાવી. જા,
એને અનગે અતિ અકળાવી, સુરત સમુદ્રમા સજન ડુબાવી, ૬૭
સુ—સ્વારથીઓ ગયો સારૂ લગાડી, ઇર્ષા થએ કરે વાત ઉઘાડી;
લાલ ચાહ્યુજ્યુ પ્રેમ લગાવી, આવી કળા ખોટી કોણે શીખાવી ૬૮
મદનઅરિ થકી આપ ચુકાવી, બીરૂદ સફળ કરો જીવ બચાવી,
રસિક કુંવર રગ મેહેલમા આવી, શાંતિ આપો સુંદરી સમજાવી૬૯
કા-જંગલો જંજોટી ત્રિતાળસજન સુખડા બતાવોરે (એરાહ)
પધારોને પ્રિતમજી પલગેરે, રંગરસ રમીએ રાજઆજ,પ્રિતમ(એટેક
તુમ દરશન દીઠેથી દીલહર, ઉછ્ણુ થયું છે આ તન સુદર
રોમરાઇ મમ થયાં વિકસ્વર, આવો મળીએ ઉમંગેરે ૨,પ્રિ૦ ૭૦
પુરવપુન્ય પ્રતાપે પામી, તુજપદ સેવા સુખકર સ્વામી;
વિરહાનળની વેદના વામી, પાતળીયા પ્રસંગેરે, ૨-પ્રિય૦ ૭૧
પ્રાણજીવન મમ પ્રાણથી પ્યારા, નિમિષ ન મુકું નાથજી ન્યારા;
કામ અનળ શીતળ કરનારા, આલિંગો અંગેરે. ૨-પ્રિય૦ ૭૨

પ્રવેશ ૪ થો.

સ્વાર્થદત્ત-(સ્વગત) [illegible] એ સહ
ગણિકાના ઘરમાં [illegible] આવ્યે;

શિખામણ દેવા ઓકાર, લાભ મળે નહી મને લગાર;
ઉલટા કોપે અપરંપાર, કરી બગડે મમકાજરે ગણિકા. ૭૩
શ્રીમંત તણા ઘરમા ખુશી, ખુશામતથી કરીએ ખુશી,
અવળા ચાલે તો તસ ભોગ, શાથી રાખું એનો શોગ;
અહીં મીઠા ભાષણનો મોખ, સૌમાં આપું સાજરે. ગણિકા. ૭૪
હું ગણિકાને ગમતું બોલ્યો. પણ ખરો વિચાર નહીં ખોલ્યો,
એમાં આપણને છે દહાણુ વેશ્યા કરશે ઘણાં વખાણુ,
વળી શેઠને વ્હાલી વાણુ. બંદા બોલ્યા આજરે, ૭૫
મો—(પ્રવેશ કરી)—ઈએજી દાદરો સુંદરી રીસાવું આમ. એરાહ.
સ્વાર્થદત્ત સ્વાર્થે તું તો સાધવામાં ઠીક છે,
જો—(પ્રવેશ કરીને)-ઉભો રે' હરામખોર, બોલ્ય શેઠ ક્યાં ગયા,
મો—(જરા ધીમે)-ફોસલાવી ગર્થ ગાઠે ગાંઠવામાં ઠીક છે ? ૭૬
બોધતો—(રીશથી) શેઠને બગાડનાર આ ગમાર માર માર;
મોદકા—(આળા કરી)-આમ છેક શું વિવેક મુકવામા ઠીક છે?
સ્વાર્થ—પરની શી પડી તમારે, ન્હાના ઉઠવું નથી,
મો—લ્યો હવે જવા દો માફ માનવામાં ઠીક છે,
મોદકા—(રૂપૈયા લઈ) તમને અમને હાથ અંગ વસ્ત્ર એ અપાવશે.
ડાટી વાત બાત આમ રાખવામ ઠીક છે.
જો—આડાવી એક બે જડાવી પેલી વીટી લે પડાવી,
સ્વા—સ્વગત એકલો અહિંયું વીટી આપવામા ઠીક છે. ૭૮
સ્વાર્થદત્ત— રીતિ-લાવણી
આ હ્યો બક બક મુકો, હાલે તમાને કરાવશું રાજી,
જેમ થાય તેમ જોવું, ઘેર જઈ લો કરશો જીવતરા ૭૯
એમ શેઠનુ આા, [illegible] આપણને;
સ્થાન [illegible] નહી [illegible] [illegible] લાવી [illegible] ૮૦

ખુબ ખુશામત કરીએ, આપ ઉદર ભરવાને ધન હરવા;
નિજ સ્વારથ મુકીને, શિક્ષા દેવા જઇએ શું કરવા. ૮૧

બો—આવાની સોબતમાં, બહુ છોકરા શ્રીમંતના બગડે,
સ્વા—મુકય જવુ જમવાને, અરે નકામો કેમ મને રગડે. ૮૨
બો—ઠીક ઠીક આગળ થા, હું એથી નહીં તો પૂજા થાશે.
મો—દુધપાકને પુરી, જરૂર જમાડું ચાલ્ય શેઠ પાસે.

પ્રવેશ ૫ મો.

સેજલદે-(મારી બાઈરે દાડમા કેમ લીજે. એ રાહ)
સમોસાજતો મેં સુમતિ સ્વારથીઆની સંગે,
સદાફૂળ-અડધી ગઇ પણ હજુ ન આવ્યો, આલૂપણુ છે અંગે
આવો ક્યાંથી તનુજ તારો.........................

સેજલદે-....................મારો રોયો સ્વાર્થદત્ત નથી સારો
સ્વાર્થદત્ત-નેપથ્યમાં............મને શાથી વગર વાકે મારો ૮૪
સેજલદે-બહાર સાદ સ્વારથીઆ જેવો ....
જોઇતા-(નેપથ્યમા)..........................હેડ હવેલીમાએ,
સેજલદે—જોઇતા પણ સાથે છે સ્વામી.........................
સ્વાર્થદત્ત—(નેપથ્યમા ....મારે મોડુ થાએ.
મુકો જવુ છે જમવાને.................................

મોહકાનંદ—......... .. હજુ માર્યા વિના તું અલ્યા નહી માને,
સ્વાર્થદત્ત—ચાલો આવું છું પણ મુકો મારો શાને (પ્રવેશ કરતા)
સદાફૂળ-અરે એકલો તું આવ્યો ને, કેને સુમતિ ક્યા છે?
મોહકાનંદ-ભૂકમ મલિક તારા મુખથી, મલિકાના ઘરમા છે;
સેજલદે-જુઠું શું બોલે છે આમ.................................
મોહકાનંદ—.....................હજુ રહ્યાં શેઠાણી તમે તો મુર્ખ

જોઇતો—મુકી મુકી, મુકીને ફુલની માળ........................૮૬
મોહકાનંદ—નિજ સ્વારથ સાધન સ્વારથીએ, નીતિશાસ્ત્ર જાણતી,
કામસેનાની કને મોકલ્યા, બોળા શેઠ ભમાવી.
સદા-સેજ—અલ્યા એવું તો હોય જાણ.................. ...૮૭
જોઇતો મોહ—અરે દમડા પગના સોયલ, વાત ધુમાવ્યા માટે
આ વીંટી સ્વારથીયા લીધી, અમે પડાવી વાટે.
પુરે થયાતા નહી માનો ?................ .. ..
સ્વાર્થદત્ત—...... ....નહી થયો વખત મારો જમવાનો.
સેજલહે—કેને સાચુ મારા પીટયા તુ રેહી છાનો............૮૮
સ્વાર્થદત્ત— ચીતિ લાવણી
વાઘણુ મૃગને ઘેરે, એમ શેઠને ગુણકાએ ઘેર્યા,
શું મારૂં ત્યા ચાલે, પ્રેમ પાશમા પડયા કામ પ્રેર્યા. ૮૯
સદા—સોબત તુ સુમતિની, રહી કરીશ નહિ સાહ્ય તને કહુ છુ.
સ્વા—વાંક નથી કાંઇ મારો..................... ....
સે—... ....રોઝ તને હું રોજ ડામ દઉ છુ. ૯૦
સે—અરે ઘણું મે આલ્યુ, ગરીબ ગોલા પણ તે ઘર ઘાલ્યું,
જા ઠર્યું તારૂ કાળું.......................................
મો—... ....ડોળ બેસવાનુ કાપ્યુ કાળું ૯૧

પ્રવેશ ૬ ઠો.

કામસેના—તાળદીપચંદી મોહોલે પધારો (એ ચાલ)
મારો પાવન કરીઓ પલંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
રમ્યા રસિક રસિકાથી રંગ, પ્યારા પ્રાણનાથ પધારી,
આજ ઉપજી શીતળતા અંગ, પ્યારા પ્રાણનાથ પધારી, (એ ટેક)
પ્રેમથી બોલે દિલગીર, આવી ભારી આવ,

મન માન્યું સુખ માણિયું, હેતે ઘાલી ગળામા હાથ, પ્યારા. ૯૨
ચદનતરૂ ચિતહર તમે, હુ વ્હાલા થઇ વેલ,
વૃદ્ધિ પામી વળગતા. સ્નેહ સેલડી રસથી સિંચેલ. પ્યારા. ૯૩
શરદઋતુ સોહામણી, પૂરણ ચદ્ર પ્રકાશ,
મંદ પવનની લ્હેરમા, વ્હાલા વિલસો છો વિવિધ વિલાસ. પ્યારા. ૯૪
અતરપુરમાં એકલા, છાના રાખું છેલ,
કોકકળાને કેળવી, રમી રસિક કરો રગરેલ. પ્યારા. ૯૫
તન મન ધન અરપણ કરી, રંજન થઇ દિન રાત,
હાજર રહીશ હજુરમા, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત. પ્યારા. ૯૬

સુમતિવિલાસ—કાલીંગડો—ઠુમરી

પ્રિયા મારીરે પ્રાણ થકી તુ છે પ્યારીરે, એ ટેક
સુદર વદન સરોવર અદર, નયન કમળ છબિ ન્યારી, પ્રિયા
તું કોમળ કેમ કાળજુ કાપે, મારી કટાક્ષ કટારી. પ્રિયા. ૯૭
ગાલ ગુલાબીએ બિંદુ બિરાજે, મૃગમદનુ મનોહારી, પ્રિયા.
મંદ હસી મમ મન તેં હરીયું, અમૃત વચન ઉચ્ચારી. પ્રિયા. ૯૮
કનક કળશ કુચ કચુક કસીઆ, સ્પર્શ સદા સુખકારી, પ્રિયા.
નિરૂપમ નારી તને નિરખતા, ઉર્વશી અરચ ઉતારી. પ્રિયા ૯૯
રોજરહિશ તુજ સમીપ રસીલી, સજ્જન સબધ વિસારી, પ્રિયા.
હાલ પિતાજીની પાસે જવાની, વૃત્તિ કરી છે વિચારી. પ્રિયા. ૭૭

કામસેના—(દાદરો, કાન્તા કેમ થશે એ રાહ.)
નાથ નવ કરો વાત ઘર જવાનીરે, વિરહવાળ શુ વેઠાય.
નહી જવાય, લાગુ પાય, દાસીછું સદાનીરે, નાથ—૮૦
પ્રેમનો ઝરો તક જણાવીવાનીને, સ્વામી સંગ, રમવા રંગ,
આ પ્રસંગ, છે ઉમંગ, જાય છે જુવાનીરે. નાથ—૮૧
સુ—ધીરજ ધરજો, મારૂં વચન માનીરે, ભાઇબાપ, લેશ હાથ,

કરીને કર્મ, આવું આમ, શું પછી કહેવાનીરે. ફીકર—૮૨
ધીરજ મન ધરો, તજી દઇ દિવાનીરે, મોહબાહુ, પકડીપાણું,
વિનશ્ર્વાણિ, લાવે તાણિ, વખત પહોંચવાનીરે ફીકર—૮૩

ગીતિ.

ક—વિરહાનળથી બળતી, મુજને મુકીને નિજઘર જાવું;
બોગી ભલે પધારો, ખચિત મારે આજ નથી ખાવું;
સુ—ચતુર વિચક્ષણ ચતુરા, ઘટે નહિ તારે ઘેલું થાવું,
તારા સમ હું ખાઉ, હરિણાક્ષી હમણાં જઇને આવું.

પ્રવેશ ૭ મો.

જો—(ભોપાળી કલ્યાણું દાદરો. આઇ વેરીગુડ, એ રાગ)
બાઇ પટારો કેમ ઉઘાડયો, જોઉ કુચી બેસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું? શું જગમાં ચાલ્યું લેઇ ૮૮
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે આરે અમારે, પાછું મુકો તમે તમામ. ૮૯
સુ—ચબાવલા તું ચડી ગયો છે, પરની તારે શી પંચાત;
બસબસ તારે નહી બોલવું, હમણાં પાછળ પડશે લાત ૯૦
નીચ જાત ચાકરની ઠારી, આખર જોડા ઉચકનાર,
આવ્યા રાડના હવે ચાડાયા, બદા તો આ ચાલ્યા બહાર—૯૧

ગીતિ

સહુ—સુમતિવિલાસ સાથે કરે ધમાધમ આરે આમ સાથી,
જો—આ તાળું ઉઘાડયું, હાર ઘરેણું ગયું મંજુસમાંથી.
સ—અનઆરો—(પ્રીય મિત્ર વિના હું બાઇ—એ, રાહ.)
પ્રજળે મારૂં મન પ્યારી, નિરખી સુત ચાલ નઠારી,
સે—મેં પ્રથમ વાત નહી માની, પણ હેવાય નર શી છાની;
થઇ થઇ ખાતરી મારી, નીરખી સુત ચાલ નઠારી. ૯૮

સમજી એને મેં સારો, કરીયો નહીં કદી હુંકારો;
એ ભુલ થઇ છે ભારી, નિરખી સુત ચાલ નઠારી. ૯૯
સ—વ્હાલી તેં અધિક વખાણ્યો, અદેશો અલ્પ ન આણ્યો;
પણુ સોબત મળી ન સારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૦
ઉઘાડી પુત્ર પટારો, ટકાવળી હાર તમારો,
ક્યાં હરણુ રહ્યો હું હારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૧
સે'—શી રીતે હું સમજાવુ, રે ધડપણમા ધભરાવુ;
જેમાંથી થશે જુગારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૪
કિંચિત કહેતા કોપે છે, લજ્જા કુળની લોપે છે;
સૌ વિનય વિવેક વિસારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૩
સદા—પેઢીમા કદી ન પેસે, ઘડી મમ પાસ ન બેસે;
જાય નિત રમવાને જારી, નિરખી સુત ચાલ નઠારી. ૧૦૪
કુંઇક ધન મિલકત મેલી, હરરાજ કરાવી હવેલી;
નજરે જોયું મે નારી, નિરખી સુત ચાલ નઠારી.

પ્રવેશ ૮ મો.

કામસેના-(ખમાચ જીલ્લો દાદરો, આવત મોરારી એ રાહ)
વાલમ આવેરે (૨ આલી જોને આ આનદ કંદ,
નંદનંદ મંદમંદ હસી હસાવેરે વાલમ—
ચંદ્રવદન મદન મોહન, નયન તિજ નચાવે,
ચતુર ચિત્ત ચળાવે, ઇશક ઔષધી લગાવે;
તાપ સૌ સમાવે, એટું ભાવેરે. વાલમ—
સુમ—(ખમાચ જીલ્લો મજલ્ખી, સૈમાં છાડદે મોરી બેયાં એ રાહ)
પ્યારી સુણ તું જીવન મારી, પ્યારી— એ ટેક.
લે આ હાર અમુલખ આપું, કોકિલ કંઠે ધારી. પ્યારી—
તુજ વદનનુ આ મન મૃગલું, આસક્ત અવિચારી. પ્યારી—

કા—નહી ડર ઉરગિરિ ઉપર ફરેછે, સર્વ વિવેક વિસારી. પ્યારી—
સુ-નાજુક ઉપર નયન બાણશું, ફરે કે મદન શિકારી પ્યારી—
વેણી નાગણનો ડર મુકી, ખટકે પણ ભય ભારી, પ્યારી—
કુ—કદળી જઘે કોમળ મૃગને, પા પ્રીતિ રસવારી. પ્યારી—
કા-પ્યારા છો મનમોહન મા'રા પ્યારા— (એ ટેક)
પીશેપ્રીતમ વદન બાગમા છે અધરામૃત ક્યારા. પ્યારા—
કુ—જાય ચાં'ય ત્યાં ચતુર નથી ડર, મારગ સકળ સુધાર્યા. પ્યારા—
આ તન વન સુંદર મનમોહન, નાવે ચોર નઠારા. પ્યારા—
કા-મમવૃત્તિ હરણીથી હરણે, સઘ મનોરથ સાર્યા. પ્યારા—
સુ—ખમાચીની ઠુમરી-પંજાબી (પીયાબીનાજીઆમોરા એ રાહ)
મારી પ્યારી આ તમે ઉઠીને મુકો ઠીક, (એ ટેક)
લાગતા ઘરાણુરે, જોઇતાએ તો જાણ્યું રે;
તાણ્યું તેણે તોય આણ્યું અડાળી અધીક— મારી,
ખાધી હશે ચાડીરે, ઠેઠ હું પ્હોચાડીરે,
હમણા આવું જાવુ જોઇએ, બાપાજીની બીક; મારો
કામ-જોગીઆ આશા (જફાવો સિતમકું એ રાહ,)
ખરે પ્રાણ પ્યારા તજીને મને, હજી શું જવુ છે પિતાજી કને,
સુ—સમજતી નથી તું જરા સુંદરી, અરે આખ આંસુ થકી આ ભરી;
કા—છબીલા પતિ છોડનારી નથી, જુદી નહીં પડે માછલી નીરથી,
સુ—જરાવાર જઇ હાલ આવુ અહીં, અધીરી ન થા સત્ય બોલું સહી
ઘડી એક ઘરમાં નથી ગોઠતુ, નથી ચિત્ત વેપારમાં ચોટતુ,
કા—મને પ્રેમ ઓછો દીસે છે પતિ, બીજી કોઇએ શું? બગાડી મતિ,
સુ—અરે વ્હાલી તું આમ આ શું? વદી......................
કા—..પધારો પલંગે જવાશે કદી,
લગે આમ બાનાં બતાવો નહિ, રસીલા વીના હું શકું શું રહી;

પ્રવેશ ૯ મો.

સેજલદે-(રામગ્રી દીપચંદી. કુવરી કુંવર મારાં લાડકાં એ રાહ)

સ્વામી શરીર સોસાઇ ગયું. આમ કરતા ઉચાટ;
માધવથી મટતા નથી, લખ્યા લેખ લલાટ; સ્વા—
સદગુરૂથી સુધર્યો નહીં, સુણી સદ્ ઉપદેશ;
સ્વારથદત્તની સોબતે, વઠયો પુત્ર વિશેષ. સ્વા—
હાજીયો હાજી હાજી કરે, હરવા માલ હરામ;
એણે ઉત્તેજન આપીયું, જવા ગણિકાને ધામ. સ્વા—
ભણવું ને ગણવું ભૂલી ગયો, અળગો મુકયો આચાર;
જાતો નથી જીનમંદિરે, વળી તજીયો વે'વાર. સ્વા—
ઢાકયું રહ્યું નહી ઢાકતા, કર્યો વેસ્યાએ કેર;
એક દિવસ આડવાડીએ, આવે આપણે ઘેર. સ્વા—

સદાફળ-શાને રડેછે તું સુંદરી! સમજી શાસ્ત્રનો સાર;
આમન શિખામણ આપતા, આશી આસુની ધાર. શા—
ધરમ નીતિ તજતા થકા, નહી ધમકાવ્યો નામ;
સમજણ વગર સ્વતંત્રતા, આપતા થયું આમ. શા—
સંસારમા સુત સુંદરી, છુટા મુકતા છેક;
પસ્તાવું પડશે પાછળ થકી, વઠી જાતા વિશેક. શા—
ખાલી થયે ધન ખાનગી, માગ્યુ મુનિમની પાસ;
વિરૂધ થતા વઠયો ત થકી, એથી મુનિમ ઉદાસ. શા—
નિંદાએ છે નાત જાતમાં, લુચ્ચો કહે એને લોક;
હલકો પડયો સગાં વ્હાલામા, વિચાર કરશે શું હોક શા—

હાડી વિના ગયો હાથથી, હવે કરવું શું હાલ,
તે તો નથી મને સૂઝતું, બધો બગડયો છે તાલ. શા—

સે,— ત્રિતાળી ચોપાઇ

ભલે આવ્યો આ અવસર ભાઇ, સાભળે તો તને કહીએ કાંઇ;
સુ—મારૂં માથું માડી નીત ફોડો, એથી ઘરમા આવુછુ હુ થોડો,
હમણા કરશે મારા બાપા બકવા, તેતો નહીદે મને અહી ટકવા;
બોલ બોલી કરોછો બેજાર, બાપા આ ચાલ્યો હું મારે બ્હાર
સે—શું તું આમ કરે છે તે સારૂં, નથી આપણે તો નારૂ કારૂ;
ડાહ્યા થઇને શું થાય છે ગાડો, છોકરવાદી મોટા થયા છાડો,
જક કરવી શી હમણા જવાશે, જરા બેશ તારા પિતા પાસે;
સુ—મુકી દેને માડી છેડો મારો, નથી મુજ સમ બીજો નઠારો,
નથી રોકયો રહેવાનો તમારો, હાલ્યા જઉછુ ત્યાંતો હું જનારો,
બુદ્ધિ બગડી બુઢાં થઇ બાઝો, તમે મારો મુકાવ્યો મલાજો
સ—પથ્થર જથરવથર કયમ બોલે.............................
સુ—......................વારૂ છો રહ્યા પથરાની તોલે,
પણ તમએ ઉઘાડું જણાતું, આવું દેખી હવે નહીં આવું,

ગીતિ લાવણી

આમ મને અપમાની, ઉઠયો આપણા કુળમાં અંગારો,
હાય હવે શું કરવું, જશે ઝુરતાં જનમારો મારો.
સ—અરજ કરી રાજાને, લજાવશું વેશ્યાનું ઘર તેને;
ઉપાય છેલો એ છે, મારા સમ છે તું રડતી રે'ને.
સે—નથી સુઝતું સ્વામી, અરે લોથ વાળી તેં જગલાડી;
જો—વખાણું વેળા થઇ છે, ઘણી વારથી આવી છે ગાડી;

પ્રથમ અંક સમાપ્ત.

अकं २ जो.

પ્રવેશ ૧ લો.

સ—(સોરઠી ગઝલ ડુબ્યો આજ તાપ વિલાપમાં, એ રાહ)

આજ આવી રાજ હજુરમાં, કર જોડીને કરૂં વિનતિ,એ ટેક)
એક કામસેના વેશ્યા અહીં, સાચી શત્રુ તે તો મારી સહી.
રાત દિન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતિ. આજ,
કુળમા કલંક કપુતથી, અમને જરા ગાઠતો નથી;
એથી આપને કરૂં અર્જ આ, મુકી ભેટણું પદ ભુપતિ. આજ
હુકમે અમારી પીડા હરી, ગણિકા કનેથી કૃપા કરી;
અમ પુત્ર આપ અપાવિએ, થાઓ રાજની ચડતિ રતી,આજ.

કન— (ભરથરી ભ્રાતા વિચારીને તમે—એ રાહ.)

સુણો નગર શેઠ (૨) સૌ સાંભળી વાત તમારી,
રાજ નીતિની રીતથી, અંતરમાં અમે ઉતારી;
પરનું ખેતર (૨) જો આપણાં ઢોર ખાએ,
ક્ષેત્રધણીને શેઠજી શિક્ષા શી રીતે થાએ.
કોઇ ઘર વેચી, (૨) બાવો બની વટલી જાએ,
રાજ તરફથી તેહને કહો શી રીતે રોકાએ;
વળી મૂર્ખ મનુષ્ય (૨) નિજ મનની મેળે મરશે,
અપરાધી એ વાકનો બીજો શી રીતે ઠરશે.
તમ પુત્ર એમ (૨) વેશ્યા મંદિર જઇ વસિયો;

કેમ કરીએ એને અમે જે હાડ શ્વાન સમ રસિઓ,
વળી ગુન્હા વગર, ગણિકાને નવ દંડાએ;
કરીએ શું તેને કહો, જે ચાલે નિજકુળ રાહે.
તમ શરમ થકી (૨) ચાલો ગણિકા ઘર આવું;
મારૂં જોર નથી જરા જો સમજે તો સમજાવુ.

સચિ—વેશ્યા મંદિર (૨) સ્વામી શા માટે જાવું;
હુકમ હજુરનો હોય તો એને અહીઆં બોલાવું,

કન—ના ત્યાં જઇશું (૨) અડચણ એને નહીં કરવી,
જાતે તસ્દી લેઇને હરકત એટીની હરવી.

સદા—માહારાજ કૃપા (૨) નિજ પ્રજા ઉપર રાખો છો,
ગરીબ તવંગરને સદા ઇન્સાફ અદલ આપો છો.

વિદુ—એક છે અરજી (૨) માહારાજ તણી શી મરજી;

સચિ—ભલે વિદુષક છે હુકમ સરવ ખુશ કરેરી કરજી.

વિદુષક— ચાબખા

અરજી સાંભળોને સરકાર, મુજને ગાઠતી નથી ઘરનાર [એ ટેક)
અગિયાર વાગે ઉંઘમાથી ઉઠી, તરત તડકે જાય;
દાતણ કર્યા વિના મોગરીને મુળા, ખોળામાં લઇને ખાય. અ.
વાંકુ ચુકું બોલી વઢવું ને રોવું, ફુવડ રાંડને રોજ,
ઘરમાંથી ગોળ ઘી ચોરી ખાવાની, ખોટી પડી છે ખોજ. અ.
પાડ પાડોશીને ડોસી ડોસાથી, લઢી ચુકી લાખ વાર;
પોતાના બાળકને નિત્ય ઝુડે, મારે મને પણ માર, અ.
રાખના ઢગલામાં ફોરાં પડયા જેવું, રાંડના મ્હોડાનું રૂપ;

ભૂત ભડકામણી મારે કુમારજી, ભડકી મરૂ છુ રે ભૂપ, અ.
સુગરીના માળા સરખું છે માથું. વેંત વેંત લાંબા વાળ;
ખણુતા જુઓના ટોકળા ખેરવે, પરસેવાની પડનાળ. અ.
હોળી દીવાળીએ ન્હાવાનો નેમ છે, વડી ચતુર છે વહુ;
અંગે ઓઘરાને લુગડામાં લીખો, મારવાડ કેરી મઉ. અ.

સદા—(સ્વગત) ગીતિ—લાવણી

કૃપા કરી માહારાજા, અપાવશો સુત વેશ્યા પાસેથી,
આજ સાસરે એને, ખરે પત્ર હું લખું ખુલાસેથી.

પ્રવેશ ૨ જો.

સુભગા— [ત્રિતાળી ચોપાઇ]

સ્વામીનાથ મારા શિરતાજ, એક વિનતિ સાંભળો આજ,
બુદ્ધિશાળી લીલાવતી બેની, વરવા યોગ્ય ઉમર થઇ એની.
લખ્યા પત્ર વેવાઇને વ્હાલા, એઉએ વાચી ગાદી તળે ઘાલ્યા;
ચડ્યો ગરવ હાહા કરી જેમ, નથી ઉત્તર આપતા કેમ. ૧

સો—આજ પત્ર વેવાઇનો આવ્યો, જુઓ કેવો વિચાર જણાવ્યો.
લખે છે કે લગન તમો લેજો, પછી પત્ર લખીને પાઠવજો,
વાચીને અમો વિ'વા આદરશું, પછી કામ બીજું બધું કરશું.
હવે કાલ જોશીને બોલાવું, રૂડો લગન દિવસ લેવરાવું.
પછી પત્ર વે'વાઇને લખાવું, જશ લેવાને જાન તેડાવું,
મોટી મંડપ રચના રચાવું, મુકી ઝાલર છાટ જડાવું;
હાડી ઝમરૂખ તખતા બંધાવું, ઘણા મૂલા મસેચા બીછાવું.
જાનની સાથે નાત જમાડું, પ્યારી હું શ તારી પુરી પાડું,

પ્રવેશ ૩ જો.

કામસેના—ગઝલ (હમતો આશક હે રાહ)

કર્યું મમ ઘર પવિત્ર આજ પધારી પ્રભુ,
નમુ નરવર હું ડીની લાજ વધારી પ્રભુ, કર્યું—
સચિવજી સાથ કૃપાનાથ મોટી કૃપા કરી,
હાજર હજુર છું ગુલામ બનારી પ્રભુ; કર્યું—

સચિવ—(રાજાની સૂચનાથી.) દાદરો સમાલતેમ અદાકો—એ રાહ.

આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી, રે જરા વિચાર કરી,
વારાંગના વિચાર કરી, આપો શેઠ પુત્ર આ વખત વિચાર કરી;
પ્રાયે કપટી હોય વણિક જાત ખરી;
સોબત સ્વારથીઆની કરવી તો વિચાર કરી. રે જરા—
પિતાની સમ પવિત્ર વણિક મિત્ર વરી,
અડયું એ વિના રહ્યું શું કો' વિચાર કરી, રે જરા—
પાછી લ્યોને તમે આ સોનૈયા ભેટ ધરી,
માનો મહીપતિનું વચન સુવિચાર કરી. રે જરા—

કામસેના—[ક્રોધમાં] સુણો દિલ્હિ તખ્ત એ રાહ.)

સુણો સચિવજી ચતુરસુજાણ છબીલો છોડનારી નથી રે. ટેક
પૃથ્વીનાથ માગે તો આપું હું પ્રાણ, છબીલો૦
પ્રેમ ગાંઠ બાંધીછે કરીપ્રમાણ, છ. તમે તેડવાઆવ્યા શું બતાવી ત્રાસ. છ.
મનગમતાથી મોજ ન મુકાય, છ. જીવ જતાં સુધી જુદું ન પડાય, છ.
આતુ અચરિત ઉચરી વચન છે, મોટી હાંણી લાગી મારે મન. છ.

મહારાજ મે'રકરી કરો માફ,છ.આવો અવળો મરી શું ધનસાર,છ.
તમે શિફારશ કરી હશે શેઠ,છ. વેશ્યા પાસે લેવા આવ્યા હશો વેઠ,છ.
નહીનહી આવે આપને આવાસ,છ.મુરખોને મૃગતૃષ્ણા જેવી આશ,છ.

સદાફળ—(ગરીબાઈથી) ગીતિ લાવણી

અરે હવે શું કરવું, પુત્ર વિજોગે ઉપજે પરિતાપ;
પાચ દિવસ પરણાવા, કૃપા કરી અપાવીએ આપ.

સચિવ—[રાજાએ દ્રષ્ટિ દ્વારાએ હુકમ કર્યો તેથી]

પુત્ર સેઠને સોંપો, રાજ હુકમને તમે માન આપી;
મન પસ્તાવું પડસે, આ જો છેલ્લી આસા ઉત્થાપી,

ફા—હજુર હુકમ ઉઠાવું, પણ જો અવધિ ઉપર દીન જાશે,
તો મમ મૃત્યુ થાશે, પ્રાણજીવન ટકશે પરણી પાસે.

સ—જાઓ શેઠજી શાણા, પુત્ર આવશે પ્રેમે પરણાવો;
ઘર મંગળ ગવરાવો, લક્ષ્મી વાવરીને લેજો લ્હાવો (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ—　　(નારીના કટાક્ષ પાસે એ રાહ)

પ્રાણ પ્યારી લગ્ન આજે તેં વધાવી લીધ;
પુન્યના પ્રતાપે થયું સકળ કામ સિદ્ધ;
જાન ચાંદી જંત્રી પ્રમુખ આવશે જરૂર.
પરણાવાને પુત્ર અપરણુ લેહેર સારંઘરૂર.

સે'—પ્રાણનાથ પુત્ર લગ્ન કરી હર્ષ ભેર,
    જાન જોડી લીલાવતી લાવું આપણ઼ુ ઘેર;
    " બાઇ " કહી પુત્ર, વધુ પડશે મારા પાય,
    પૂજ્ય ગણી આજ્ઞા મારી પાળશે સદાય.
સ —'લીલાવતી" વિનયવતી સાંભળી વિશેષ,
    હર્ષ સહિત નીતિશાસ્ત્ર વાંચતી હમેશ,
    ચાલે સદાચરણે શ્રદ્ધા ધર્મની અપાર,
    અવળી થઇ આચરે ન કદી અનાચાર.
સે'—આહાહા !! એવી કુળમાં વધુ પરણી લાવે પુત્ર,
    શોભાવશે આવીને એ આપણુ ઘર સૂત્ર.
    માંડવામાં બેરા ઘણી વાર થકી ગાય,
    લ્હાણી આપી સર્વેને હવે કરૂ વિદાય.

પ્રવેશ ૫ મો.

ગાનારીઓ—(સુંદરવરની ચુંદડી—એ રાહ)
    લીલાવતીએ લખી મોકલ્યોરે, કાગળ પ્રિતમ પાસ.
    ચાતુર આતુર ચિત્ત થયુ રે, વરવા સદ્ગુણી સુમતિવિલાસ.
    વ્હાલા વ્હેલા આવજો. એ ટેક.
જો—નથી થયું રે પોયણ શું પ્રકાશ, લાલા ચાલો લગનમાં એ ટેક
મો—ભોજન પદ્મીની આપણે આશ, લા—ટેકે સાત લાડુનો સમાસ લા
ગા—શરદપુનમની પદ્મિનીરે, આંખી જોબનવતી એમ;
    દિનકર કરપીડન ચહેરે, ઇચ્છુ અંતર આપણી એમ. વ્હાલા

જો—નથી જાણુતી ગુણુફાથી પ્રેમ. લાલા.
મો—ક્ષુધા અગ્નિ થશે ટાઢો હેમ. લાલા
મા—પરણીને સર્વ પ્રકારનારે, પૂરણ કરશું કોડ,
રામ સીતા સરખી થશેરે, જાણે "રતિ""રતિપતિ" સમજોડ.
જો—પણ મોટી ખોટી એક ખોડ. લાલ
મો—મુકી દેને ફોગટ માથાફોડ. લાલા.
જોઈતા જમજે જણુબી સજોડ; જઈએ ઝટ જાનમાં,
(સેંજલદે ખારેકો, વેચતા ગાનારીઓ ગીંદગજરો ગાયછે)

પ્રવેશ ૬ ઠો.

મો—અમે તો જાનમા આવ્યા, રે અમે-આસારંગપુર શેહેરમાંફરીએ
લાલ સાહેબની જાનમાં આવ્યા રે અમે—ઓ ટેક.
પેઠની પાઘડી રેશમી ધોતીયું, શેઠની ઓઢીએ શાલ,
ભભકો લાડુભટનો ભાળો, વાકડા મૂછના વાળ; અમે
વાર લાગી ગઇ આટલી બધી પેટની કરતા વેડ,
દખાણુા લેવા દોડીએ અમે, પરણી ઉઠ્યા શેઠ. અમે

પ્રવેશ ૭ મો.

સુભ—(પ્રથમ ગણપતિને આગુ પાયરેં એ રાહ)
આજ આનંદ આપણે ઘેરરે, ઉજણો અવસર આવ્યો લીલાલ્હેરરે.
વાજાં ત્રિવિધ પ્રકારનાં વાજેરે, જેના નાદથી અંબર ગાજેરે.
લીલાવતીને લાયક વર મળિયોરે, આજ આંગણે સુરતરૂ ફળીયે રે;

માથે મોતીનો મોડીયો ઘાલીરે, જમણે હાથે રામણદીયો ઝાલીરે;
ગાતી વાતી સૈયર સાથે ચાલીરે, મોટી હું સે હું તો વિવાહ મ્હાલીરે
નાણું વાવરવાનું આવ્યું ટાણુંરે, જુગને નાક જમાઇ તણું તાણ્યુ રે;

ત્રિતાળી ચોપાઈ.

મો—ચાલો ગોત્રને પગે લાગો,..............................
સુ—.........................વરના ખાંસામાં પાપડ ભાગો.
મો—હવે દક્ષણા અમને અપાવો,..............................
જો—..............................પોથા પારેખ આને પતાવો.
સખી જોયું જમાઇ મુખ ચંદ, આજ પુંખતાં પરમ આનંદ,
કન્યાદાન ઉમંગથી કરીયુ, આપી વાહન મન દિલ ઠરીયુ;
કોડે ચોરીમાં વિરસ્યો કંસાર, ઘણા હેતે કરી ઘૃતધાર;
મો—જોડું અવિચળ રેહેજો સદાય, જુગને જાનને કરજો વિદાય.

પ્રવેશ ૯ મો.

ગીતિ.

સુગુ—લીલાવતી સાહેલી, કાલ જવાની શું તું સાસરીએ;
લી—સુગુણમંજરી સારૂં, બોલ્ય ગીત ગાઇ ગમત કરીએ,
સુગુ—(હિંચોળે બેસી) સારૂં સારૂં રે સુરત શેહેર એ રાહ)
સૈયર સુખકર સંસાર શિખણ ભૂષણ સજીએ;
એ વિણ નિગુણા નરનાર, તન મનથી તજીએ; ટેક.
પર નર નારી પ્રેમ [illegible]માં, પડી પ્રસંગ [illegible]રે;
સુ[illegible] શરીર [illegible] શિયળ

અવર અખંડિત અંગ અનુપમ, નહી મળે એક નાકરે;
શિયળ વિના એમ સદગુણ સૌ, જીમ સોમલ સંપાક   શિયળ
વ્યભિચારીને સૌ સંસારી, કરે અધિક ધિક્કારરે,
પરપોળે પકડાતાં પડીવા, મોટા જનને માર   શિયળ
જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકિત કુળરે;
અક્કલમા અંગારા ઉઠયા, ધરમ કરમમાં ધુળ.   શિયળ.
વૈર વિરોધ વધે વ્યભિચારે, નિશ્ચે ધનનો નાશરે;
શિવસુત કેશવ શિયળવંતના દેવસરીખા દાસ.   શિયળ.

ત્રિતાળી ચોપાઇ.

સુ—બેન બેસજે પાણી પી આવું..............................
લાલબા—...................... ભાભુ હમણાં જરા જઇ આવું.
સુમ—(લીલાવતીના ચીરનો પાલવ પકડી હીંચે જ બેસારતાં)
બેશ બેશને કેમ બીહે છે, કોઇ બીજું નથી તું શું કહે છે;
લી—હમણાં આવશે મારી સાહેલી, લાલબા મુજને ગયા મેલી.
સુ—અહીં કોઇ નથી આવનારૂં; આમ શરમાવુ એ નહીં સારૂં,
સેજલદે—   રીતિ.

સુભગા વેવાણ આવ્યા, લાલ બોલ્ય ક્યા ગઇ ભાભુ તારી,
લી—મુકો પાલવ મારો, મને જવાદ્યો આ આબરૂ મારી.
સુ—(સ્વગત) આ મુગ્ધાની દુગ્ધા, માતપિતાએ મુજને વળગાડી,
માન્યુ કહ્યું ન મારૂં, અરે રાંડ આ વખત ક્યાંઇ આડી.
એને બોલાવાના, બાસી વેશ્યાના સોમન આશા,
મોટી ભૂલ કરી મેં, હવે ફરી બોલાવાની આશા.

જો—અલ્યા આથડે છે ક્યાં, કરી તૈયારી કોસંબી જાવા;
મો—તું જા હું આવું છું, જરી ડાબડામાં ભાતું ખાવા,

પ્રવેશ ૯ મો.

સ્ત્રીઓ—(માતા લીપ્યાને ગુંપ્યા મારા ઓરડા—એ રાહ.)
પરણી નવસા કોસબીએ પધારીઆ, વાજા વાગે જોવાને રહલાગે.
સાહેલડી, લાડી લાખેણી લાવ્યો લાડણો (એ ટેક)
ધન્ય ધન્ય સદાફળ શેઠને, જાન જોડી નાંખ્યાં છે નાણા તોડી. સા
રથમાં વરવહુને ચમર ઢિંઝાય છે, દીસે ડાહ્યા, સેજલદેના જાયા સા.
જગલાડી વરવહુની જોડી જોઇને, બેઠી ગોખે ઉડાનિસાસા નાખે સા.
ઓ—લાલસાબને સમજાવે સાનમા, લલચાવે ને મોતીએ વધાવે.
સાહેલડા!! શેઠની ફ્જેતીના ફાળકા.
સ્ત્રી—મોટું માહાજન સાજનમા મળ્યુ, આવી રાજકચેરી નૃપપેરી.સા

અંક દ્વીતીય સમાપ્ત.

अंक ३ जो.

પ્રવેશ ૧ લો.

સુમતિ— ગજલ (હમતો આશક હે—એ રાહ.)
મારા બાપે વેંઅ આ વગાડયુ શો વિચાર કરી.
ઉંધા ગયા રાંડ હવે કરવું શું અહીં વાર કરી;
મારી જીવજાનનો મુજ વગર જરૂર જાન જશે;
હું તો મારે આ આલ્યો આ રડતી શો પોકાર કરી;

લીલા સ્વામીનાથ સ્વામીનાથ એ-રાહ.

પ્રાણપતિ પ્રાણપતિ પ્રાણપતિરે, અહીં નથી અહીં નથી અહીં નથીરે.

[અચાનક આવો કોપ કર્યો કીરતાર—એ રાહ)

અરે અહીં એકલી મુકીને મને આમ, અચાનક ઉઠી કંથ ક્યાં ગયા તમે

પે'લા સમાગમે સ્વામી આતેશું કર્યું, સાંભળેલું મેં જે હતું તેસાચું ઠર્યું

ખચિત પીયુજી ઉઘતીજાણીને ખસ્યાઆશરેજાણુંછું વેશ્યાઆવાસે વસ્યા,

આભ્રનીઇચ્છાએઆવી ત્યાતો આકડા, પણ્યાગના કેસપાસમાં પતિપડયા.

વ્યભિચારી વરતણા પાલવે પડી, જશે જનમારો મારો રે રડી રડી.

આ હીરા મોતીના હાર હવે નગમે, ઉમદાદુકુલ મારી દેહને દમે.

ગજલ.

મારા પતિપરવશ હવે શું કરૂં, જીવ તજું તો આતમઘાતક ઠરૂં,

કંથનો વિયોગ થયો કરમે કરી, ફુલની ચાદર નથી ફાવતી જરી.

આવીતી અમૃત પીવા પતિની કને,ખારૂંનિર મળ્યું નહી આ જન્મમને.

કરમની કથા બીજે શું કરૂં કથી, આ પીડા મટાડવાનો ઉપાય નથી

સંકટ સહન કરે સુકુળ વધુ, જ્ઞાનીએ દીઠેલું હશે એ બન્યુ બધું.

પિઆણું તેડાવી ઝટ પિયરજવું, સુખ રહ્યું હવે જરા શાસારૂ લવું,

રાગ કલ્યાણ. (શ્રી જગત્ પતિ એ રાહ,)

પ્રિય પતિ તમે, ઝટ આવો આ સમે,

આપ વિના વિરહવન્હિ શી રીતે સમે. ટેક.

વેશ્યા વ્હાલીહતી પતિ તો, ન'તી પરણ્યી નાર;

નિદ્રા મુજને નામ ન આવે, આપ વગર આ ઠાર. પ્રિય

આભૂષણ અંબર ભીંજાયાં, કરતાં અશ્રુપાત;
રોતાં રોતાં નથી ખુટતી, અરે રાક્ષસી રાત. પ્રિય.
મને ભાસકી સરખું ભાસે, શયન ભુવન બસ્તાર;
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આવાર. પ્રિય.
કનકવલય કરકડી બરોબર, વર વિણ કેડિ વેશ;
આંખે લાગે આંજેલી આ, મરચાં સરખી મેશ. પ્રિય
નગ જડેલી નવિન કંચુકી, બંધન સરખી બાંય;
બહુ દુઃખ દેછે કામ દશેગો, હવે કરૂં શું હાય પ્રિય
અલંકાર ધખતા અંગારા, મણિધર ફુલની માળ;
મંદ પવનની લ્હેરો લાગે, જાણે અગ્નિઝાળ. પ્રિય
કસ્તુરી કંકુને કેસર, રસિયા તુજ વિણ રાખ;
પતિ વિણ કોણ કરે પરિપૂરણ, અંતરના અભિલાખ. પ્રિય

લલિત છંદ,

કપટ હે પતિ કેમ આ કર્યું, ધીરજ હું હવે શી રીતે ધરૂં,
નવ ધરી દયા લેશ નાથજી, તરત આવતાં શું તમે તજી
હરખ મુજનેરે ઘણો હતો. જરૂર આજથી તે રહ્યો જતો;
જરિક વાંકમાં હું નથી હજી, તરત આવતા શું તમે તજી.

પ્રવેશ ૨ જો.

કામસેના—કાફી જીલો હુમરી (પયા આવતમેં—એ રાહ)
સખી કેમ ન આવ્યા નાથ હજી, હું તો જોગણ થઉં શણગારતજી સખી–
દુશમન મદન સતાવે નિશદિન, વાર કરે નહિ વાસમજી. સખી–
ઝંપાપાત કરૂં ઝરૂખેથી, બધુ વશ એહ મુજને વરૂજી. સખી–

કપટકળા— (આલિંગન તોયદગ—એ રાહ)
આમ શું કરેછે આલી રજતો ધીરજ ધર, આમશું-એ રાહ.)

ધરધર વર ચીવર, કર નજર નિરખ વર હરખભર;
બિલાવ્ય કર કર, આમશું કરેછે આલી રજતો ધીરજધર.
સ્મર જ્વર હર સુખકર ધનવંતર, ભરજોબન ભેટી સુંદર વર,
અધર સુધારસ પાઇ પરસ્પર, કામ ક્રીડા સખી કર કર, આ.

કામસેના—(હોરી સામરો હજુએ ન આયો. એ રાહ)
ભલે આવ્યા હર્ષે ભરાણી. (એ ટેક)
અવધિ ઉપર ગઇ એક ઘડી પણ, મેં જુગ માફક જાણી,
સત્યવાદી તમે શેઠજી સાહેબ, હું ગણિકા ઘભરાણી;
ધીરજ નહીં અલ્પ ધરાણી, ભલે આવ્યા હર્ષે ભરાણી.
માલતી ફુલની માળ પ્હેરાવુ, જે મમ હાથ ગુંથાણી;
ગજરા ગુલાબ તણા કર ઘાલું, લ્યોને સુગંધી સે'લાણી,
અત્તર ઉંચુ આપુ છું આણી, ભલે આવ્યા હર્ષે ભરાણી.
સુંદર શયન ભવન શણગાર્યું, લાલ હું તો લલચાણી.
પ્યારા પ્રેમરસ પાઓને પીઓ, મન ગમતુ સુખ માણી,
યૌવન મદ અશ્વ પલાણી, ભલે આવ્યા હર્ષે ભરાણી.

સુમતીવિલાસ—પ્રેમની પીડા તે કોને કહીએરે—એ રાહ)
મોહી રહ્યો છું મંદ હાસ્યમાં, રસીલી તારા મોહી રહ્યો છું-(એટેક)
પિતાજીના આગ્રહથી પરણવા ગયો પણ, અલ્પ નહિ એ સમે ઉલાસમાં;
શત્રુના સમાન લાગ્યાં સર્વ સગાંવ્હાલાં, અહરનિશ તુજવિના ઉદાસમા;
એકરાત્રિ રહ્યો નહીં પરણી ઘરણીપાસે, એકલી મુકી આવ્યો આવાસમાં
આપણુ બે ભોગ ભોગવીએ ભોગ એના, ખેવર જવાની એક માસમા;
તુજ થકી અધીક કોઇ વિશ્વ નથી વ્હાલું, પ્રતિજ્ઞા કરશુ પ્રકાશમા,
કામિની તમે કર્યું કાંક મને કામણ, પકડી જકડી પાડયો પ્રેમપાશમા;
વણજને વેપાર વ્હાલી ધર્મ કર્મ શર્મ લજી, ગાળવીછે વય બધી વીલાસમાં
રસિલી તારા મોહી રહયો છું મંદહાસ્યમાં.

પ્રવેશ ૩ જો.

ગુણમંજરી—કાફી જીલ્લા પ્રંજાબી (વિધાતા ધન્ય છે) એ રાહ)

લીલાવતી કેમ તું આવી સાસરીએથી ઉદાસ. (એ ટેક)
શાંત સ્વભાવના સસરાને સાસુ, વળી વર સુંદર સુમતીવિલાસ,લી
મુજ આગળ અંતર મુકીને, મારી પ્યારી તારી પીડા તું પ્રકાશ,લી.

લીલાવતી— (બનઝારાની દેશી)

તું સાભળ સૈયર મારી. મુજ વર વેસ્યાનો યારી,
સાસરિએ ગઇ સૌ સાથે, મને નથી બોલાવી નાથે,
છે સત્ય શિયળ સહારી, મુજ વર વેસ્યાનો યારી.

સુ—આ શુ ! બોલી તુ બાળા, અમથા કરીઆ અહી ગાળા,
હે!!! તુજવર શું વ્યભીચારી, તને ખમા ખમા સખી મારી

લી—સંસારીક સુખની આશે, ગઇ શયન સમય પતિ પાસે,
હુ નિરાશ થઇ ત્યા નારી, મુજ વર વેસ્યાનો યારી.
જાણી મન મોહન મારા, મે કહ્યુ કેમ છે પ્યારા;
ગર્વિષ્ટે નહિ ગણગારી, મુજ વર વેસ્યાનો યારી.

બીજું બોલી નહી કાઇ, સુઇ રહી પછી શરમાઇ,
વળી મવી આખ ત્યાં મારી, મુજ વર વેસ્યાનો નારી,
લંપટ ગણિકાના લાલા, અરધીએ ઉઠી ચાલ્યા,
કે’તી નથી વાત વધારી, મુજ વર વેસ્યાનો યારી.

શું શુ દુ:ખ ભાખું સજની, રોતા રોતાં ગઇ રજની;
ભયભીત અવસ્થા મારી, મુજ વર વેસ્યાનો યારી.

સુ—રે’ છેલછબીલી છાની, દુરગુણી મળ્યા દિલજાની;
રે! આ શી અવસ્થા તારી, તમે ખમા ખમા સખી મારી.

લી—દશ દિવસ રહી સાસરીએ. મોહન નાવ્યા મંદીરીએ;
પિયુ દર્શન વિણ દુ:ખકારી મુજ વર વેસ્યાનો યારી.

યૌવન વન ખીલ્યું મારૂં, વિરહાનળથી બળનારૂં;
વિણ મળે પ્રેમ રસવારી, મુજ વર વેશ્યાનો યારી.
આ વાત પિતાજી જાણે, તો અંતરમાં દુઃખ આણે,
મમ માતા રડે બિચારી, મુજ વર વેશ્યાનો યારી.

સુ—માઢ—(અમલાગા રેન ગુજારી રાજા—એ રાહ)
અરે આવડી શું અકળાયરે, એની સૌ સારૂં થશે.
મારા સમજો મન મુંઝાયરે, એની સૌ સારૂં થશે. (એ ટેક)
વળશે શું વલોપાત કરેથી, જપને શ્રી જીનરાજ,
વિપત્તિ વખત ધરીએ ધીરજ, કરીએ ધરમ કાજરે. એની.
રડી રડી થઇ આંખડી રાતી, કાયા ગઇ કરમાઇ,
મ્લાન દેખીને મુખડું તારૂં, મને થાય કાંઇ કાઇર. એની.
પળમાં દુઃખી પળમાં સુખી, પરમાં રાકનો રાવ,
રંગ એવા જોઇ રાખીએ સખી, સુખે દુખે સમ ભાવરે. એની
શ્રી જીનધરમ સેવતા શાણી સુખ મળે સંસાર,
શાસન દેવતા કરશે તારા, સંકટનો સંહારરે. એની.

લીલાવતી— (સિતાજીના મહિનાની, રાહ)
સખી પરભવ પાપ અમાપ, કરી હું તો અવતરી,
મને વિશ્વ વધુના પ્રતાપ, પતિએ પરહરી. એ ટેક,)
હશે ભરડયા સજીવન ધાન, અણગળ પાણી વાવરયા,
કર્યું મુનિવરનું અપમાન, ધરમાદાના ધન હર્યા, સખી.
દીધી વિદ્યા ગુરૂજીને ગાળ. લેઇ વ્રત ભાગિયા;
તોડી નાખી તળાવની પાળ, જેના પાપ જાગીયાં. સખી.
કાંતો પુન્યની કોઇક પર્વ કે, જાન લુટી હશે;
નિજ ધમ તજ્યો ધરી ગર્વ, સખી મારૂં શું થશે, સખી.
થઇ પાપી તણી પક્ષમાર, ઉનમ અપમાનીગાં;

મુકી અળગો શ્રાવકનો આચાર, મિથ્યાતિને માનિયાં. સખી.
કુડી સાખ ભરી સરકાર, ખોટાં ખત મેં લખી;
દોરી દીન જનને દરબાર દ્વેષે કરીઆ દુઃખી. સખી.
આવા પાતિક મે તો અપાર, કર્યા હશે પૂરવે;
વેશ્યા સંગી મળ્યો ભરતાર, અરે મને આ ભવે. સખી.

સુગુણ—આવો કાકી લીલાવતી બેન, ઉદાસીમા આજ છે,
પુછો એને નથી ચિત્ત ચેન, કે' એમા શી લાજ છે.

સુભ—કાફી જીલ્લો કવાલી ઠેકો (પીયાકે મિત્રબિન—એ રાહ.)
તું દિલગીર દીસે શા કારણ, બોલ લીલાવતી બાઇરે. (ટેક]
બોલતા બધ થઇ શીદ બેની, લાડકડી લજવાઇ રે,
વદન કમળ તારૂં કરમાયુ, કઇ પડયું શું કાઇ રે. તું—
નાની નણુદે શું અપમાની, આણીને અદેખાઇરે,
તુજ સાસુએ શુ દુઃખ દીધું, કે જુલમી છે જમાઇરે તું—
દશ દિવસમાં પીયર પાછી, આવી કયમ અકળાઇરે,
મારા સમ જો જુઠું બેલે, શાણી મન શરમાઇરે. તુ—

લી—(ખમાચી પંજાબી ઠેકો દરશન બિન અખિયાં-એ રાહ]
મા જી મુજવાલમ વ્યભિચારી, વ્યભિચારી ગણિકા યારી મા—એ ટેક
અહીથી જઇ વેશ્યા ઘર વસિયા, દશ દિન કાઢ્યા દુખકારી; મા—
વાત નથી કરી મેં વર સાથે, શું ઉચરૂં આગળ તારી. મા—

સુભ—જોગીઓ આશાવરી ગજલ. પડયોછું વિખુટો—એ રાહ.
ઊંડા નિસાસા નાંખતી, રે! દીકરી દુઃખી (એ ટેક)
સુગુ—દુઃખ પોતાનું દાખતી, નથી સાસરે સુખી, ઊંડા—
સુભ—એનો કંથ કુલક્ષણો, કરવો શો ઉપાય;
લી—ભોગવવી પડશે પીડા, આ ભાગ્યમાં લખી. ઊંડા—
સુભ—પીયર રહીને પુત્રી તું, રટજે સદા જીનરાય;
પ્રેમ રાખશું પુત્ર સમ, સમજાવ તું સખી. ઊંડા—

સુભ— (મરાઠી ચાલની સાખી.)

શ્રી જીન દરશન કરવા જઇએ, કાકી ફીકર ન કાંઇ;
લીલા—ઉઠોને આદેશ્વર મદિર, આગી છે સુખદાઇ,
સુભ—બેસો બેનો, મજ્જન કરી આવું છુ,
લીલાવતી—સોયણી ગજલ (દાહ ઉઠી છે દુ:ખની-એ રાહ)
સુણ સાહેલી કરવું શું હવે, શાથી જન્મારો જશે;
સુભ—તારા શિયળ પ્રભાવથી બેની, સ્વામી તુજ સારો થશે. (ટેક)
વ્હાલે વાંક વિના વિસારી, નળની જે દમયતી નારી;
પાછી તે પતિએ સ્વીકારી, તેમ એ તારો થશે. તારા—

પ્રવેશ ૪ થો.

સદાફળ— ગજલ

લાજ છોડી છેક તેં છટેલ છોકરા, બાપનીતે આબરૂના કાંકરા કર્યા.લા—
આવી છે દીવાળી હોળી હૈયામા બળે, જઉછુ વહુને તેડવા પણ દા'ડો શો વળે. લાજ—
સે'—સાસરામાં જાણુ છે જમાઇને સહુ, માટે નહી મોકલે વેવાઇ તો વહુ. લાજ—
સ—કરવાને વિવેક લોક લાજથી જવુ ....
જો.....................ગાડી જોડી લાવ્યો ખોટી કયા સુધી થવું.

પ્રવેશ ૫ મો.

સોમદત્ત— રાગ જોગીઓ આશાવરી.

જમાઇના તેં ગુણ કે અવગુણ જોયા નહીં જરી,
સુભ—ઉંચુ કુળ હું જોઇ મોહી મુરખમાં ઠરી,
સુગુ—વેવાઇ આવ્યા તેડવાને દુનિયાથી ડરી;
સોમ—સુધરશે જમાઇ ત્યારે મોકલશું ફરી.

સુગુ— ચિતાળી ચોપાઇ.

કહ્યુ છો તમે ક્યાં થકી આવ્યા, પત્ર પાઠવી કોણે તેડાવ્યા;

શેછો શેઠ તમે કીએ ગામ, કીએ કામ આવ્યા અમ ધામ;
સ—નગરી કૌશામ્બીએ ઘર મારૂં, મારૂં નામ સદાફળ સારૂં:
પુછોછો તમે વગર પિછાણે, હુ તો આવ્યો લીલાવતી આણે.
સુગુ-કીહા ગાજ્યો કીહા ગડગડીઓ, કીહા મેઘતણી પડી ઝડીઓ,
કીહા ઉદય અને કીહાં અસ્ત, એમ સગજીને મનમા સમસ્ત
અમે ડહાપણ આપતુ જાણ્યુ, આવ્યા કરવા અહી કેનુ આણુ.
જેમ આવ્યા તમે જઓ તેમ ઘેર પુછજો કુશળ ખેમ,
નથી વાટમા બેહીકે કાંઇ, મારી લાડકી લાડકવાઇ,

સુભ—મારા મનમા સળગે છે લાળા...... ....
સુગુ— ....કાગ કઠે નાખી મોતી માળા
સદા—શું આ નક્કી વિચાર તમારો?......... . .. .
સુગુ—....... . ...હાજી ઘર ભણી આપ પધારો
સદા—સોમદત્ત વેવાઇ હુ શે રહેજો................ ... .
સુભ— . ... સારૂં સોને કુશળતા કહેજો.
મારી અક્કલ સો ગઇ મારી, વ્હાલી પુત્રી વરી વ્યભિચારી,
મે તો મોટા મોટા દેખી માળ, અવિચારે કરયું વવિશાળ,
સો—પ્હેલાં કાંઇ કર્યો ન તપાસ, હવે થાય શુ નાખે નિસાસ.
પાણી પીને પછી ઘર પુછે, એમાની અબળા એક તુ છે;
ભાવી ભાવ હશે એવુ થાશે, પુત્રીના પુન્ય પુત્રીની પાસે

પ્રવેશ ૬ ઠો.

સ—જંગલો જંજોટી પંજાબી ઠેકો કગનવા મોરા—એ રાહ.

ઘભરામણ મને ઘડપણમા આવે છે ઘણીરે—(એ ટેક,)
લપટ પુત્ર પાકયોરે, હુંતો એનાથી થાકયો રે;
મોટુ છે ઘર મારૂ, આસરીયું એનુ સારૂં,
ઘણી સમજણી વહુ છે તનય તણીરે. ઘભરા૦

ગયો લોક લાજેરે, આણુ કરવા કાજેરે,
મુજને બહુ બનાવી, વહુને નહીં વળાવી;
શરમાયો વહુની સખીના વચન સુણીરે. ઘભરામ૦
વરસને મહીનારે, વિત્યા ઘણા કહીનારે;
હવે ફરી હુ જઇને, કાંઇક દિલાસો દઇને,
લીલાવતીને લઇને આવું ઘર ભણીરે.

પ્રવેશ ૭ મો.

સુભ— [દશા આ શી થઈ મારી એ રાહ.)
દુખી તું દીકરી મારી, ગણી સમ સાસરી તારી,
લીલા—પીયરમા સુખપાલ પણ, કામ ન આવે કાઇ,
ગણી સાસરીયા તણી, સહન કરી સુખદાઇ,
મુગુ—ગુરૂ શિક્ષા સુણી સારી, બધી દિલમા લીધી ધારી;
લીલા—અછતા આવે આળ અહીં, કરો વૃદ્ધ વિચાર,
સસરા પૂજ્ય પિતા સમા, આવ્યા બીજી વાર
સોમ—અરે વર છે વ્યભિચારી, એથી દુખ ઉપજે ભારી.
સદાફળ— ગીતિ લાવણી
સમજી લીલાવતીને, હવે શેઠ મોકલશો તો સારૂં;
સોમ—આ ઉભી પૂછોને, વારે વારે શુ કહો છો વારૂં.
સદા—(ભેખરે ઉતારો રાજા ભરથરી, એ રાહ)
સુકુળ વધુ તમે સાંભળો. દુખીયા સમરાની વાતજી;
જો મન ચા'ય તો માનજો, ભાખુ છું ભલીભાતજી.
ઉંડુરે હૃદયમા આલોચજો (એ ટેક)
ભણતારે ભણતાં ભણાય છે, લખતા ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયા, ચણતા ચણતાં ચણાયજી. ઉંડું૦
ડગલે ડગલે હુ ફરો, ચઢતાં ચઢતાં ચઢાયજી;
સાયરસમ સરોવર વળી, ટીપે ટીપે ભરાયજી. ઉંડું૦

ઉધમ કરતાં આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી;
એમ ઉપાય આરંભતાં, સરવે કાર્ય સધાયજી. ઉંડું.
એથી આવી ઘેર આપણે, કરશો કાંઇ ઉપાયજી;
ધરમ પસાય થકી થશે, શાસન દેવતા સ્હાયજી. ઉંડું.

લીલા—આવીરે શિખામણ આપની, મારે માથે ચઢાવુંજી;
માતા પિતાની આણા લઇ, આપણે ઘેર આવુંજી.
સાચુરે કહ્યું સસરાજી એ, (એ ટેક)
આજ્ઞારે આપો માત તાતજી, હવે સાસરે જાવું જી;
મારી રે શત્રુ વેશ્યા થકી, વડું વેર વસાવુંજી; સાચું.

સો—શાણીરે પુત્રી તું સુલક્ષણી, ભલે સાસરે જાઓજી,
મારી આશિષ છે એટલી, મન વાંછિત થાઓજી.
ધરજે ધિરજ સદા દીકરી (એ ટેક)

સુભ—સાસરે બેન સિધાવતા, લાગે દિલડામાં દુ.ખજી·
સરવે પ્રભુનો પ્રતાપ છે, નથી સ્વામીનુ સુખજી. ધરજે
વસ્ત્ર આભૂષણ વિધવિધે, કર્યાં સર્વ તૈયારજી,
વળી જોઇએ તે તું માગજે, તજી શરમ આવારજી. ધરજે
સસરા સાસુ નાની નણંદનું, કરજે વચન પ્રમાણજી;

સો—કહેવું પડે એવું કાઇ નથી, તું છે ચતુર સુજાણજી. ધરજે.

સુગુ—વડીલ વિનય કરજે વળી, તજી વાદ વિવાદજી,
કરતાં ધરમ કરણી સદા, અમને આણજે યાદજી,
ધાર્યું થશે શિયળ ધર્મથી (એ ટેક)
કાંઇ કારજ કરતાં થકાં, પહેલો કરજે વિચારજી
સંકટ સમય સંભાળજે, મંત્ર શ્રી નવકારજી. ધા.
વાધ્ય શાણી સખી સાસરે, સાથે સસરાજી સાથજી;
સારા શુકન થાય આ સમે, નિશ્ચે વધ અહી નાથજી. વાધ્ય

પ્રવેશ ૮ મો.

લીલાવતી—(સ્વગત) લાવણી, શ્રી અજીતનાથ (એ રાહ.)
રે કર્યો વેશ્યાએ કેર, ઉપજે ઝેર, વાળવું વેર, હવે શા બા'ને;
હું કાળી નાગણ થઇ ડસું ગણિકાને.
હું કદી ખડકીએ ખડી, ઝરૂખે ચડી. જોઉં વાટડી, ઘડી ઘર નાવે.
શું સ્મર શત્રુ સમ થઇ મને અકળાવે,
આ જોબન રસ ઝલકાય, વસુ વનમાય; લાલવિણ લા'ય, ઉઠેછે અંગે
શી યુક્તિ કરતાં મળું સલુણા સંગે.
પ્રિતમ પ્રમદા પોકાર, જોબન શણગાર. હૈયાના હાર, ધરોને કાને,
હું કાળી નાગણ થઇ ડસુ ગણિકાને.
શું કરૂં સૂઝે નહિ કાંઇ, ઘણું ઘભરાઇ મરૂં વિષ ખાઇ પિયુજી પાખે.
નિરધણીઆતીના ઉપર નજર સૌ નાંખે.
સ્વામી વશ કરવા સાર, કર્યો વિચાર, દુઝણાં ચાર, આગણે બાંધું;
લઇ મૈયારીનો વેશ સ્વાર્થ મમ સાધું.
મંગાવું મહિષી ચાર, જોઇ શ્રીકાર, અરે આ વાર, કહી સસરાને,
હું કાળી નાગણ થઇ ડસું ગુણકાને.

કલ્યાણની ઠુમરી પંજાબી ઠેકો મેંવારી બન—એ રાહ.
સસરાજી સાસુજી સુણોનેરે. (એ રાહ)

ઝીણી ત્વચાની દીર્ઘ આંચળની, મહિષી મંગાવો ચાર.　સસ.
ભરવાડી થઉં વેશ્યા ભુવન જઉ, ભોળવવા ભરતાર,　સસ.
નાની નણંદ મમ નાથ બતાવે, એ એમનો ઉપકાર;　સસ.
મંદિર લાવું હું મન મોહન, યુક્તિ કરીને અપાર.　સસ.

સહા—તમારો વહુજી ભરૂંસો છે.　　(એ ટેક)
સારા માબાપની દીકરી ડાહી, કુકૃત્ય નહીં કરનાર,　તમા,
મહિષિઓ આપણે ઘેર ઘણી છે, નણંદ તમારી તયાર.　તમા.

સેંજ— ગજલ (હમતો આશક હે એ રાહ)

પેલી બુંડી રાંડનું ઘર લાલબા બતાવ જઇ,
બાઇને તુ દૂરથી દેખાડી, બેન આવ જઇ, પેલી (ટેક)
ડાહી વહુ જેવુ સૌ તૈયારને સવાર વળી;
લંપટને ભોળવીને ઝટપટ ઘેર લાવ જઇ; પેલી.

પ્રવેશ ૯ મો.

લાલબા—(માઢ મેરા ગમકા તરાના, એ રાહ)
વારા વેશ્યાના યારી, ઉભા અટારી, પેલા તમારા પ્રાણ. (એ ટેક)
જાઓ થાઓ મહિયારી, બાબી અમારી, ઉભા અટારી. પેલા
વીંછીનો આકડો વેશ્યા છે વસમી, જોજો ન થાએ જાણ;
જાણશે તો ઝેર આણશે ઝાઝું, કરશે રાંડ રોકાણ,
જુઓ જળની ઝારી, હાથમા ધારી. ઊભા અટારી. પેલા

લીલાવતી—રાગત] આશાગોડી દીપચંદી

અવર મદન અલબેલો, આતો દીસે અવર મદન–' એ ટેક]
શરદ પુનમના સુધાકર સરખા, આજ નગરમા ઉગેલો. આ.
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉ ઝરૂખે ઝુકેલો. આ.
હુ નિર્ભાગી નાથ તજી મને, વેશ્યા આવાસ વસેલો. આ.
ધન ગણિકા ધર્મીતણ તુજને, પ્રિય કરયો મમ પરણેલો. આ,
ચંદ્ર ચકોરને મયુર મેઘ સંગ, મુજ મન રંગ રહેલો. આ
મહિયારી વેષે નહિ જાણુ, મમ છળ છેલ છબિલો. • આ.

પ્રવેશ ૧૦ મો.

લાલબા—થાઓ તમે તઇયાર—(એ રાહ]

અલબેલી સાહેલી આવો, શ્રી જીન ગુણગાવા, (એ ટેક) ·
અગણિત નર તારીને નરી, ચૌદરાજ આવ્યા,
હરિહર બ્રહ્મ પુરંદર પ્રણમે, અજર અમર થાવા. અલ.

બી—મુખ મટકે લટકે લઈ તાળી, ચક્ર સકળ કરીએ,
પ્રભુ સ્તવન ઉચરીએ ફરીએ ભવ દરિએ તરીએ.　　અલ.

લા—ચાલો ચાલો સિદ્ધાચળ જઈએ—એ રાહ
સેવુ સેવું શ્રી જીન સુખકારી, તન મન વચન સુધારીરે સેવુ (ટેક)
અવિનાશી શિવનગર નિવાસી, ભવ પરિભ્રમણ નિવારીરે　　મ
ત્રિજગ નાયક ક્ષાયક દાયક, સમરે સુરનર નારીરે　　મ
કરૂણા સાગર દેવ દયા કર, જય જય જગ ઉપકારીરે　　મે
શિવસુત કેશવને શિવકરની, પદકજ ભકિત પ્યારીરે　　મે

લીલા—　(નથરી પનઘટપર એ રાહ]
સ્વામીને વશ કરવા સજ્યા મેં શણગાર,
છેલ છબીલાને છળુ છળ બળ કળ કરી;
લલચાવુ હશી પળવાર, વશ કરવા સજ્યા મેં શણગાર સ્વામી
મન મોહન મન નંદન વનમા વાવુ સુરતરૂ બીજ પ્યાર,
બા બોલાવે જાઓ લાલબા, ડર તજી હું જઉ દુષ્ટકાર સ્વામી

લાલબા— દઇ મારી તુરકવાને ઘેર લઇ એ રાહ)
લઇ માથે મટુકી મહીયારી થઇ,
રમણિક વચનામૃત રચનાથી,
કરો આશ લતા નવ પલ્લવ જઇ　　લઇ—

પ્રવેશ ૧૨ મો.

લીલાવતી—કાલિંગડો દાદરો મીઠડા ગોરસ લ્યો એ રાહ
મીઠડું મહી વેચુ મહી વેચુ, અમૃત સરખુ સુખકારીરે.　મી.
લ્યો કોશામ્બી નરનારીરે, મીઠડું મહી વેચુ.

સુમતિ—બિભાસ અજ્ઞાની તાળ, વંદુ દીનપતિ. એ રાહ)
આ ભરવાડણી અજબ અપાર, અજબ અપાર, દીઠી-અ-આ.
રંભા થકી પણ અધિક રૂપાળી, કે ઉભ્યા અવતાર　　આ.

શેષ સમા શિશ કેશ સુશોભિત, શશિવદની સુખકાર. આ.
શુક સમ નાકે નથની થરકે, અરૂણુ અધર નિરધાર, આ,
ચપકવરણી એ મૃગનયની મારી કટાક્ષ કટાર, આ,
કેસરી સરખો લક કટીનો, તુમ્બ નિતમ્બ આકાર; આ,
અંગ અનોપમ કાબળ ઓઢી, કોકિલ કંઠ શીકાર; આ,
એને અહીં મહી મસ બોલાવી, પૂરણુ બાધુ પ્યાર; આ,
લી—અમૃત સરખુ સુખકારીરે, મીઠડું મહીવેચુ મહીવેચું આ,
લ્યો કૌશામ્બી નરનારીરે, મીઠડુ મહી વેચું મહી વેચુ
સુ—મારે મહી લેવુ મહી લેવુ, (લીલાવતીની મટકી પકડી)
આપો મટકી ઉતારીરે, મા–મહીયારી મોહનગારીરે મા.
આહેરણી અહીઆ આવોરે, મા, મટકીનુ મૂલ બતાવોરે. મા.
લી—(પીલુ બરૂઓ લાવણી ગીરધારીરે વાત કહુ તે એરાહ)
મેહેતાજીરે શું મહી મુલ બતાવું. ચાખો પછી ભાવ જણાવુ;
મળશે નહીરે દહી દુનીયામાં આવુ, સમજુને શું સમજાવું,
(ઝુલ) જુગતીથી રોજ જમાવું, લાલન લ્યો શું લલચાવું,
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવુ. ચાખો,
સુ—મહી મીઠુ રે, મેં ચાખ્યુ મહિયારી, તું ગામ કીયે વસનારી,
ભ્રકુટીમારે ભુરકી ભાસે ભારી, કહો નામ તમારૂં નારી,
(ઝુલ) વળી કોણ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મન હરનારી,
કે' વ્રુજકુળ કામણગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી, તું,
લી—રંગીલારે મારી જાત રબારી, હું રાજપુરે રે'નારી,
હનુમોછેરે મુજ સ્વામી સુખકારી, મમ નામ સલુણી મારી.
(ઝુલ) તમો વણિક વડા વેપારી, પુછી કુળ જાત અમારી,
શું વાત વિવાહની વિચારી, મન મોહનરે હું નવ પરણિત નારી; હું-
સુ—અલબેલીરે મારે અનંગ ઉછાળા, સુણી મધુર વચન મરમાળા,

લી—નવ સમજુંરે, હું ભોળી નવ તેર. મહિપી ડુઝે મમ ઘેર.
(ઝુલ) મોઘું છે ગોરસ મારૂં, વડા વાતે બને નહીં વારૂ;
નથી લીધું કાંઇ તમારૂં, હું જરૂ છુંરે અતિ "રતિપતિ"થી રૂપાળા;
સુ—શા સારૂરે વાત જવાની બોલે, મમ જીવ ચડ્યો ચકડોળે;
લી—અણઘટતારે ઘાટ તમે ઘડશોમા, આઘા રો'ને અડશોમાં,
સુ—[ઝુલ] હું આવ્યો છું અલબેલી, તજ તું ઘભરામણ ઘેલી.
મહી મૂલ કહો મન મેલી, શું? હળવેરે ઘુંઘટનો પટ ખોલે. મ-
લી—રંગ રસિયારે, દુરજનથી મન ડરીએ, કહી ભાવ ખરોશું કરીએ
સુ—ગજ ગમનીરે મુજથી નજર મિલાવે, નખરેથી નયન નચાવે.
(ઝુલ) કુંકુમનો ચંદ્ર કપાળે, તિલ ગૌર ગુલાબી ગાલે;
ચિતડું ચમકાવે ચાળે, વશ કરવાને તસ વચને અનુસરીએ.

શું દુરીજનથી દુર ડરીએ

લી—વ્હાલાજીરે શી મન વાત વીચારો, મુજને વઢશે ઘણી મારો.
મારગડોરે મુકોને મન ગમતા, સુંદર રાખું છું સમતા.
(ઝુલ) ઠીકછો અબળા ઠગનારા, કરો આંખ તણા અણસારા;
મેં જાણ્યા વિચાર તમારા, ધારોછો તે સ્વાર્થ નથી સરનારો. સુ—
સુમતી—(બરૂઆનો કેરખો સાડેતીન પૈસે એક મોતી—એ રંગ

કામણગારી નારી કે'ને મને વાત તારીરે, વાત તારીરે વાતતારીરે-કા·
છેલ છબીલી છબી ફાંકડી, આ દીસે અદ્ભુત;
ગુણ હીણો ગામડીઓ બુહો, એતો ભમતો ભુત,　　કા૦
ચતુર વિચિક્ષણ તું ચતુરને, ધણી મૂરખ સરદાર;
ચંપક વરણી કામ આવે છે, ગમારથી ઘરબાર,　　કા૦

લી—કાલા ઠમરા તમને પરની લાગે વાત પ્યારીરે, લાગેવા-કા ટેક)
પગ હેઠ દાવાનળ સળગે, એ અવલોકો આપ;
આમને પછી શિખામણ આપો, મોહન રાખી માપ,　　કા—

બડીમ છે ભુડણુના જેવી, આ ગણિકા ગુણુ હીણુ;
કેમ પ્રેમ બાંધ્યો પાતળિયા, પરણુ થઇ પ્રવીણુ ડા—
સુ—દુંગળી નારી ડાકણુ જેવી દેખી .દિલમા ડરીએરે-દી-દેખી,
જાડી લાડી ફુલની વાડી, ધાડી મન ગંભીર;
ગુણુવંતી ગણિકા છે ગોરી..
લી—..................હરે પુરૂષનું હીર;
ભલે લલ તમાચો મારી મુખડું લાલ રાખોરે, લા-મુખડું લા=ભ૦
કરે પ્રશંસા પંડિત પુરૂષો, નિરખી નાજુક નાર,
શ્યામ સલુણા સરવે સમજે, પણુ અમયો અહંકાર, ભલે૦
અલએલા ઉત્તમ કુળ ઉપજ્યા, આ કુલટા કમજાત,
કામણુગારા કેમ બને છે, વદો બરાબર વાત ભલે૦
સુ—કાફી ત્રિતાલ (પ્રણમુ પઃ પરમેશ એ રાહ]
મહીનુ મૂલ બતાવ. પ્રમદા પ્રેમ ધરીરે, મહી [એ ટેક)
આડી અવળી વાત જવાદે, શો છે તુજ મન ભાવ:
શી રીતે બોલ્યા વિણુ બનશે, અહી નહી કંઇ અટકાવ,
ચાખુ ફેર જરીરે—મહીનુ મૂલ બતાવ,
લી—મહીનું કરતા મૂલ, શેઠ ખોટા દેખાશો—મહી—(એ ટેક)
રે અલએલા આખ ન મારો, હું અબળા અનુકૂળ,
મોહન મહીની વાત મોટી શી કહોતે કરીએ કબુલ; .
સુંદર નહી શરમાશો, મહીનુ કરતાં મૂલ. શેઠ૦
એક મહોર મટકીની આપો, આ મહી અમૃત તુલ્ય;
એમ નહિ તો અમ ઘેર આવો, દહી સાટે થઇ ડુલ;
નિત મહી માખણુ ખાશો, મહીનું કરતા મૂલ. શેઠ૦
સુમતિવિલાસ—ભૈરવી દીપચંદી.
અઘટિત આમ તમે શુ અડાવો, મૂલ બરાબર અમને બતાવો:
લી—આળ કરો નહિ વેશ્યા વ્હેમાશો, મુકોને હાથ મારો મરડાશો

હુંતો અહી નહિ આવુ હવેથી, ફાંકડેરાવ શી ફોક ફજેતી;
સુ—નાહક આહક નવ ભડકાવો, સત્ય વિચાર સલુણી જણાવો.
લી-કૃપણતા શેઠ તમારે તો કરવી, વ્હાલી વેશ્યા તણી હોજરી ભરવી
દામ વિના દહાડો કયા થકી વળશે, માલ વેશ્યા મુખડીસમ મળશે,
તમસમ પ્રિયુને પ્રિયા મમસરખી, તે જમશે મારૂ મહી મન હરખી
સુ—મોર આપી લેઉ માલ તમારો, નિત્ય બે વખતનો બાંધીએ વારો.
લી-હો પ્રિય પરવશશું ઉચરોછો, ખાલી પીલી મને ખોટી કરોછો,
મનુષ્ય વે'વારમા રેહેવુ છે મારે, હનુઓ જાણેનો મને ધોકણે મારે
વાછડા વાટ જોતા હશે મારી ....
સુ—......... ....કંઇ મનમાં નથી આવતુ નારી.
લી-રીસ ન કરશો જરા પણ રસિયા, વલ્લભ હૃદય કમળ મમ વસિયા
આપનો બોલ કદી ન ઉથાપું, એમને એમ હું આપને આપું,
વ્હાલા નથી મહી તમથી વધારે, ભાવ ધરો કરૂ ભેટ અત્યારે

કામ—   (સુણો દિલ્હી તખ્ત એ રાહ)
ઉઠય ઉઠય અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે;
તારા પ્રપંચની જાણી મે તો પેર, ધુતારી ધુતવાને આવીરે. (એ ટેક)
તારો તાલ મેં છાનો જોયો છીનાળ, ધુ,-જલદી જાને નહી તો—
બનીશ બેહાલ, ધુ—
વદી મીઠા મીઠાં કપટ વચન્ન ધુ કરે મલિન મે'તાજી તણુ મન ધુ,
ખોટી બુદ્ધિએ આળસ અહીં ખાય, ધુ, આતો માંટી તારા ઠગણી શું થાય
તને દેખી દાઝ આવે દગાખોર, ધુ, એક મટકીની માગેછે તું મો ર,ધુ,
તારૂં પોકળ બધુ થયું પ્રકાશ, ધુ, હવે આવીશ નહી મારે આવાસે,વ.
લીલાવતી—(ખુબ ક્રોધમાં આવીને જુસ્સાથી)
ઉઠય કોણ રાડ તુ મને કહેનાર, નફ્ટ ફ્ટ ફ્ટ તનેરે;
તારા દોકડા વેચી કરૂં બજાર, નફ્ટ ફ્ટ ફ્ટ તનેરે (એ ટેક)
લેશ નથી જગલાડી તને લાજ, ન. રાડ પાપણી કરે છે પતરાજ,ન,

આખા મુલકનો અલી તુ ંઉતાર, ન. દુષ્ટા તારાથી હું નથી ડરનાર ન
પૈસાવાળાને તમે બતાવો પ્યાર, ન, ખાઇ ધન તન કરોછો ખુવાર.ન,
તારે ઘેર કંઇક પડી રહે ગમાર, ન, છેડાવાળી રડે એની નિતનાર,ન.
અરે તને અવલોકી થાય અંધ, ન તેથી તોડે સગાંસજન સબંધ,ન,
કૈનાં વેચાવી ધરેણાં ઘરબાર, ન, કૈને દગે કર્યા દુનીયાની પાર, ન,
રમે તમારાથી જે પુરૂષ જાર, ન, એનો જગતનું એઠું જમનાર,ન,
તારી ખચિત ખલક ખુંદે ખાટ, ન, તારૂં તન તેનો કુતરાની ચાટ,ન,
તારી સોબતે જુગારી ચોર થાય, ન, કેદી થઇ દરબારમાં દોરાય, ન,
ઘણા ગણિકાના ઘરમાં જનાર, ન, કરે મધુપાન મુકી કુળાચાર, ન,
તું તો રાંડી નવા નવા કરે નીત,ન, તારી ખોટી છે પીતળજેવી પ્રીત,ન,
તને અડતા મનુષ્ય અભડાય, ન, તારા સંગથી નરકે નર જાય, ન,
અરે નથી મારે તારી ઓશિયાળ, ન, કેમ ખોટું બોલે ખુટયો તારો કાળ,ન
રાડ આવીશ રસિક કને રોજ, ન, તારા મનત ઉપર આણું મોજ, ન,
મારૂ ફોડી નાખજે તું હૈયાફુટ, ન, હાહા મારા આ માંટીએ માથુ કુટ,ન,
તને જોતાં ઉપજેછે મને ઝાળ, ન, જખ મારનારી જુઠુ મુક્યું આળ, ન,
કા—ભુંડી રાડ નિચ જાત ભરવાડ, ધુતારી ધમકાવે મનેરે;
અહીંથી તારી મહી મટકી ઉપાડ, ધુતારી ધમકાવે મનેરે.
સુ—બસ બસ રાંડ ઝાઝુ નહિ બોલ, આઘી રહે તારૂં આવી બન્યુંરે,
હાથે કરી તેંતો ખોયો તારો તોલ, આઘી રહે તારૂં આવી બન્યુરે.
સુ—જંગલી જંગોડી પંજાબી ટેકો ડાલેરે જોબન મદ એ રાહ
માહું લગાડો તો મારા સમ છે સલુણીરે. (એ ટેક)
નથી આ નફટમાં બે બદામની ગુણીરે,
વચમાં બોલાવ્યા વિના બોલી વઢકારીરે,
નિચમાં તું નિચી વેસ્યા નિર્લજ નારીરે. મા.
કામ—આમ ઉપસણું લેઇ મને ધમકાવોરે.

એકતાં અનેક કર્યાં એને ના અપાવેરે; આ;
આટલાં વરષ આશા આપની ઉઠાવીરે;
મને અપમાની તમે શરમ ના આવીરે; આ;
મૈયારીનું મુખ દેખી પ્રીતિ પલટાવીરે;
વાણુક જાતિની ખરી ખુબી આ જણાવીરે; આ;
સુ—નક્કી માર ખાવાનું થયું છે મન તારૂં રે;
જાને છાની માની ભુંડી માની કહ્યું મારૂં રે; મા;
લી— (એસી ચતુર નાર, એ રાહ)
મહી બહુ વેચાય, અહીં નહિ અવાય, અપમાન થાય,
મ્હોરો સદાય, કયાથી અપાય, નિત્ય આધીન નગીના. મહી
સુ—આમ ચતુર નાર, કરી પૂર્ણ પ્યાર, ડર નવ લગાર,
નિત્ય આવ્ય દ્વાર, લે મુક્તાહાર, વળી આપીશ દાગીના; આ
ભેરવી—દાદરો, (ધન કાયકી સેજરીયામે રાત રહો. એ રાહ)
આજ રંગમાં રસીલી પ્યારી રાતરહો, વીશ મ્હોર કાલને પ્રભાતલહો, આજ
કડુક વચન કુલટા નહિ બોલે, આટલું લક્ષણી સુજાત સહો; આ.
લી-બીહાગ ત્રિતાલ. (મિલાવોરે બાંહ્ય મહેકી લાજ એ રાહ,)
નગીના રે, નેહ નજર કરી આજ, (એ ટેક)
જોબન ભુષણ છો મમ જીવન, તમને કર્યા શીરતાજ. ન,
ઝેર જેવો હતુઓ હવે લાગે, નવ ગમે વસ વરઆજ ન.
પણ રાત્રી રહેતાં અહીં પ્રિતમ, અંજડ બગાડે કાજ, ન,
ચોરી જારી ને વળી ચાડી, છે છાનીમાં મઝાજ, ન,
રસ લાગ્યો રંગરસ રમવાને, મ્હોર મળે રસરાજ, ન,
અહનિશ હું આધીન અલબેલા, પણ નડવાની પીડાજ, ન,
સુમ—રે ગણીકાને હું નહીં માંહુ, મનથી કરે છો મીજાજ, ન
લે આ વચન તન મન ધન તારૂં, નથીરે કમક્ષાનું કાજ, ન,

લી—હુ પણ કોલ કરાર કરૂં પતી, આવીશ નિત્ય અહિં આજ, ન,
હુ રે ભલે ભરૂઆડણ સૈરંધ્રી, પુરવ પુન્ય ફળ્યાંજ.

અંક તૃતીય સમાપ્ત.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સુ— (વંદના વંદના વંદનાએ, એ રાહ)

મલપતી તલપતી રતીમતીરે, રતી આકૃતિ રતી નથી વીસરતી (એ ટેક)
તેં નવોઢા આરપાર હૃદયમાં ઉતારી, સજળચપળ ચક્ષુ બરછી ચમકતીરે, ૨,
સુખદાયક મમ લાયક લલના, જન્મી એ આહેર જાતીમા જતીરે, ૨,
વેતરેરૂધુ શું આમધિ કૃતને વિધાત્રી, સદ્ગુણી હનુમાને જોગ્ય શુક્રતીરે ૨,
રાધિકા સમાન માન એ મને બતાવે, દેવી કૃષ્ણ જેવી હું કરૂં કૃતીરે ૨,
ઠમકઠુમકકરતીહંસગમનીઆવશેસ્ત્રીલી, મીઠડું મધી વેચું મુખ ઉચરતીરે, ૨,
પ્રેમપોથીપઢીપુરી પદમણી પ્રવીણએ, ગણીકા ગમારમા નથી ગણીરે, ૨,

કીચ— (ઓધવજી સદેશો કહેજો શ્યામને એ રાહ)

કરમ તણી કથની રે કયાં જઇને કરૂં,
દિલડામા સળગે દાવાનળ દુઃખજો;
ભરવાડણ વેસ્યના ભંભેર્યા થકી,
શેઠ જૂએ નહી સ્નેહે મમ સન્મુખ જો. કરમ,
મોજ મઝા માણે છે મારા દેખતાં,
લાજ ન આવે નિર્લજ્જને લવલેશ જો;
અહનિશ એ બે જણ રે'છે આણંદમાં,
કલેશ વિશેષ મને ઉપજે હમ્મેશ જો; કરમ,
છેદે છે મહિમારી મારો છાંયડો,

કર્યો કંથ વશ કરૂં હવે હું કેમ જો;
બહુ બેસ્યુ તો સાડાબાર વરષ તણો,
તુટી જાય તરત પ્રાતમથી પ્રેમ જો, કરમ
ખાલી થયો ખજાનો ધન ધુતી ગઇ,
બે મટકીને લે છે નિત બે મોહોર જો;
છાનું ઘણુંએ આપ્યું મુજને છેતરી,
જાણું પણ જરીએ નવ ચાલે જોર જો, કરમ
શુ સમજાવુ સમજાવ્યાં સમજે નહી,
છાલ ન છોડે પેલી છટક છિનાળ જો,
કિંચિત કે'તા મુજને ઉઠે મારવા,
કે'છે દે છે અમને ખોટુ આળ જો, કરમ
એ બે જણને હુતો ઘરમાં એકલી,
ડાહ્યા પોતે મુજને ગણે ગમારજો,
હવે કરૂં શુ હાય! નથી કાંઇ સુજતુ,
આહેરણને આધીન મારો યારજો. કરમ

કપટ—ઠુમરી પંજાબી (અચરા પકર મોસે કરત એ. રાહ)

પ્રિય તું ન રડ કંઇ કર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય, મારી સજની. પ્રિય.

કા—એ છે નફટ નિડર નટખટ નથી નભતું, કપટ કાંય,
ખોટી ખટપટ લટપટ નવ ખમાય,
મારૂં વિકટ સંકટ કયમ જાય. મારી.

કપટ—પ્રિય તુ ન રડ કંઇકર ઉપાય, જેથી વિકટ સંકટ ઝટ જાય મારી,

લી-અમૃત સરખું સુખકારીરે. લ્યો મનમોહન મહીવાળી,

કા-પરજ સોયણી (લાગ લલત. કાનસુ એ. રાહ)

હજુ એ નવ આવતી આટલી, કેમ કરૂં હવે કાંઇ સુજતુ ? [illegible]

નથી હઠતી પટકી મટકી, હજુએ નવ આવતી અટકી;
હૃદય નયન રજકણ સમ ખટકી, છેલ જશે છટકી રટકી હજુ
લી–કાલીંગડો (સિદ્ધાચળ શીખરે દીવોરે એ રાહ)
લી—અમૃત સરખું સુખકારીરે, લ્યો મન મોહન મહી લાવી.
મનમાં બળે વેરણ મારીરે, લ્યો મન મોહન મહી લાવી,
સુ—તુજ દધિ દુધ છે ગુણકારીરે, આવો મૈયારી મારી
જગ વહુ રહેશે જખ મારીરે, આવો મૈયારી મારી;
કામ—લીધી લખમી મમ લુટીરે મૈયારણ વેરણ મારી,
બાકી હું માથુ કુટીરે, મૈયારણ વેરણ મારી.
બધી હાથ તમારે બાજીરે, મૈ, માગે છે મહી મેહેતાજીરે; મૈ,
લી—મીઠડા લ્યોને મહી મીઠું રે, કાળજડું ઠંડુ થાશે,
આતો નથી અત્તર અજીઠું રે, કાળજડું ઠંડુ થાશે.
કામ— (દેખી તોરી વફાદારી એ રાહ)
તું પાછળ પડી મારી, હું તારાથી હારી,
મેં તારૂં શું બોલ્ય બગાડયું, નિત આવી મમ દ્વાર;
ભરમાવી મુજ ભરતાર, પડાવે ખાર, રીત શું સારી. હું
જીવન તુજ મહી વિણ નથી જમતા, તે તુજ કને તૈયાર;
નથી ઘરમાં એક દીનાર, આપ્ય ઉધાર, ગણી શાહુકારી.
સુમ— (બીદીમાં બેઠાઇ મારીરે ગછરીઆ એ રાહ)
શું કુટીલા તું હજી રહીરે કકળતી;
એ અધીરી કેમ આપે ઉધારે રે,
સારી શાહુકારી તારી અહીરે અસલથી કુટીલા,
લી—ગજલ—(હમણો આશક હે તોરે—એ રાહ)
હસી વશીકરણ કરી; બાન ભૂલાવી લાલા.
હસી મમ પ્રાણ નમન, બાણ લગાવી લાલા. હસી

વળી પરિપૂર્ણ અરસપરસ છતાં પ્રેમ પ્રિતમ,
જોને કોણુ માત્ર મહી મેં લાજ લુટાવી લાલા.
આપું બેની આર મટકી આજ ઉધારે વ્હાલાથી,
વધારે ન હોય જ્યાં આધીન બનાવી લાલા, હસી૦

કામ—(ગુસ્સે થઇ) ભેરવી દાદરો. (પીયા પાપી ન જાગેરે એ રાહ)

મહી નથી લેવુંરે, જા ઠગાઇ તારીરે જા ઠગાઇ તારી એ ટેક)
મીઠું મીઠું બોલી ખાઇ ગઇ ફોલી, કપટ આ કેવુંરે, જા.
સરવ સફાઇ તુજ સમજાઇ, ઉભું ન રહેવુંરે, જા.
શેઠ વેચાશે, પણ મહી ખાશે, ક્યાં દુઃખ કહેવુ રે, જા.
નિજ ઘર ખોયું, જગમાં ન જોયું, મમ પિયુ જેવુંરે, જા.

સુમ—ભેરવી ત્રિતાળ [દત્તવિના ન પમાય એ રાહ.)

એ જમવા અભિલાખ. સરસ મહી આ જમવા અભિલાખ. એટેક,
માખણથી પણુ અધિક મિષ્ટ છે, ધિક આ આગળ દ્રાખ. સ.
આની તુલ્યે કદી ન આવે, સાકર આંબા સાખ સ.
આ અમૃત સમ ગોરસ આગે, દાય નહી દુધપાક. સ.
મહિયારી નિત આવે મંદિર, દીસે દિવાળી લાખ, સ.
તું ઇર્ષા અગ્નિમાં અમથી, ખુબ બળી થા ખાખ. સ,

કામ—(ભેરવ મનમોહન મોરલીવાળોરે, એ રાહ)

મુજને ભીખ માગતી તેંજ કરી, મુજને ભીખ માગતી,
તેંજ કરી ધનમાલ મતા હરી, દીલડામાં નવ લેશ ડરી. મુ.
ના કહેતાં નિતનિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી મુ.
કામ નથી ઘરમાં તમ કેરૂં, આ હું સત્ય વચન ઉચરી, મુ.
નકટાં થઇ કદી પગ નવ દેશો, મમ ઘરમાં ફરકેલ ફરી, મુ.
આજ થકી કરો અહીંઠ તમારૂં, હું ખોટી આ રાંડ ખરી. મુ.

પ્રવેશ ૨ જો.

લીલા—સીંહાનો કાનરો-દીપચંદી, (તારૂણી તુજથી, એ રાહ,]
પ્રાણજીવન્ પુંડે પુંડે પધારો, અહીં છે એકાન્ત આવાસ અમારો
કામ ક્રિડા પતિ અહનિશ કરશું, સાહેબ વનિતાની વિનંતી સ્વીકારો,
મુજ ઘરમાં નથી લક્ષ્મીનું લેખું, વ્હાલા વિલાસીને વ્હાલ વધારો;
સુ-તું જોબનં મદમાતી મહીયારી, મે તો દીઠી તુજ નિપુણતા ન્યારી,
હું ઉત્તમ કયમ આવું અધમ ઘર, જગતમાં આબરૂ જાય અમારી;
છાની રાખું તને છેલ છબીલી, જાણીએ છે બધી જારી વિજારી;
લી-લાયરી લાલ જવાદો તમારી, હું ગણિકા થકી નથીરે નઠારી.
હનુઆ ઉપર હવે હેત ન આવે, અમ ઘર આવો અરજ અવધારી
સુ—જાણ કરીને જગતમાં શુ કારણ, હું મધુકર તુ તો માલતી મારી.
લી— (પ્રમાણિકા છદ અથવા ઇંગ્રેજી રાહ)

જરી ન કોઇ જાણશે, મનુષ્ય સૌ વખાણશે;
પિયુ ઘરે પધારીએ, સુકીરતી વધારીએ,
ઉચાટ અંગના ટળ્યા, સુભાગ્યથી પતિ મળ્યા,
પર્ણાગના વિસારીએ, પ્રભુ મને સ્વીકારીએ,

પ્રવેશ ૩ જો.

લીલા— **પીલુબરૂઓ—દીપચંદી.**
આપ કૃપા કરી અમને ઉગારો, બળતી અનગ અનળથકી ઠારો ટેક
આપે તજી ગણિકા કુમટાને, હનુઆ બુઢાનો મેં નેહ નિવાર્યો આ.
ભુત માફક ભમતા ખટમાસે, બ્હીતોબ્હીતો પીળુ આવે વિચારો આ.
વિંબિયા રહ્યા મમનાથ નગીના, આપના ચરણકમળ ચાપનારો આ.
રતિ અંતરે રસિયા રખે રાખો, વિવિધ પ્રકારથી લાભ વિચારો આ,
પ્રસન્ન કેરે પ્રભુ પાય પલોટી, મહીમાખણ થકી શરીર સુધારો,આ,

ભોગવો સ્વર્ગ તણાં સુખ સ્વામી. હુકમ કદી નહી તોડું તમારો આ,
વિનય સહીત પુછું તમને વાલેશર, સંશય ટાળીએ એક અમારો,આ,
સુ—ઉત્તર આપીશ એનો બરાબર, સ્નેહ સહીત અલબેલી ઉચારો,ઉ
લી— સોરઠ જીલ્લો ત્રિતાળ છોડદે લંગરવા સુરખ મોરી,એરાહ)

માથાના મુગટ મારા મરૂપના કે કુંવારારે,
શાને માટે આપે સગા વ્હાલાને વિસાર્યારે. મુગટ,
કયાં છે માતપિતાજી તમારા, કયાં છે સજજન કુટુંબરે
કયા છે કયા છે કયા છેરે, સંબધ તમારો સાચું બોલો સમ મારારે. મુ

સુમ—પવિત્ર પુણ્યાત્મા છે માવિત્ર અમારાં રે,
વેશ્યાની સોબતે તજ્યાં વગર વિચારે રે-પુ—
આ નગરીમાં એક વસે છે, વનિતા પિયર વસેલરે,
વનિતા વનિતા વનિતારે અનુપમ આકૃતિ એની તારે અનુસારેરે,પુ

(ત્રિતાળી ચોપાઇ—કાલીંગડો દીપચંદી)

તારા જેવી એ દીપતી દેવી, સરવે સુંદરતા તુજ જેવી,
હતી ઉંચી તારા જેવી એતો, લટકે મટકે સમ તેતો;
લી—હું તો એને પતિ ઓળખું છુ, નિત મહી વેચવા ત્યાં જઉં છું;
સારંગપુર તણા શેઠની બેટી, નામે લીલાવતી ગુણ પેટી
પહેલી વાત સુણી એની પાસે, આપને પુછયુ આજ ઉલ્લાસે.
મારી સૈયર શીયળ સોભાગી, દેખી અવગુણ શો તમે ત્યાગી,
આપને ઘટે કરવુ ન આવું, કાં'તો એહને અહીંયા બોલાવુ;
સુ—સુતો સર્પ જગાડીએ શાથી, અતિ અડચણ થાય એમાંથી,
તું છે સૌ સંપદાયક પ્યારી, એનું કામ નથી અહીં નારી.
નિત ભાવતાં ભોજન કરશુ, રસ રંગમાં આપણ રમશુ,
મળ્યું છે મન આપણ એવું, અહીં શું છે પ્રયોજન એવું,
લી—આવુ કરીએ નહીં મન કાચું. સાજનોને કહું સાચે સાચું.

પ્રિય પરણ્યા તમે મારી સંગ, એતો યાદ લાવો પ્રાણનાથ;
ચઢી ચોરીએ હાથ દબાવ્યો, નખ દઇને નેહ જણાવ્યો.
તમ સાથે હીંચોળામાં હિંચી, ખશીયાણી પાડી ચીર ખીંચી;
લાગે આટલું તમને અધુરૂં, કહોતો બીજી નિશાનીઓ પુરૂં,
મને અડધીએ એકલી મુકી, ગયા ચતુર પતી બધું ચુકી;
સુ—થઉ વિસ્મય સાંભળી વ્હાલી, મળ્યાં દંપતી કોડ દીવાળી;
કર્યો કેમ મહિયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવલેશ;
પ્યારી તારો છે પુરણ પ્રેમ, આવી પ્હેલું કહ્યું નહી કેમ,
લી—મેતો જાણ્યું રસિક રીસાળ, પાસે વેશ્યા વિષય વિષ જમાળ
એથી મહિયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને,
સુ—સત્યવાત સકળ પ્રિયા તારી, મારી અક્કલ ગઇ હતી મારી
મારી રસમ સર્વ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવ્રતા નારી.
વેશ્યા લંપટ હું લજવાઉં, તારા ગુણ હું કેટલા ગાઉં,
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધિક સાબાશી શી આપું,
લીલા— (સુણ ચતુરસુજાણ પરનારીથી, એ રાગ)
મનહર મળતા, મે મન ગમતું સરવે સુખડું માણ્યું
જગમા જોતા, સ્વામી સમાગમ સમ સુખ અવર ન જાણ્યું, (ટેક)
શીરતાજ તમે વેશ્યા ત્યાગી, ભાવટ આખા ભવની ભાગી,
પતિ પૂરવ પુન્ય દશા જાગી, મનહર,
ઉગ્યો સુવર્ણ સુરજ આજે, મમવિજય તણા ડંકા વાજે;
દુશ્મન દેખી દીલમાં દાઝે મનહર,
જીન વચન સુધારસ ચિત્ત ધરશું, સાતે ક્ષેત્રે ધન વાવરશું;
પ્રતિદિન પ્રભુની પુજા કરશું, મનહર,
રિપુ માન મિલા પાયે લાગો, મારી આશસ તણી જાગો;
સંસાર તણો ભડકો લાગો. મનહર,

પ્રવેશ ૪ થો.

સુમ— બિહાગ ગજલ (પારશ પ્રભુ દેખંકે, એ રાહ)

પિતા માતા ક્ષમા માગું, ઘણો લાજી પગે લાગુ;
નીતિ પર લક્ષ ના દીધું, અઘટતુ કૃત્ય મેં કીધું,
ભયાકર માત તું મારી, અવજ્ઞા મેં કરી તારી;
રહ્યો નહીં કોઇનો વાર્યો, ઉઠયો કુળમાં હું અંગારો,
થયો ગણિકા તણો યારી, રમ્યો દીન રાત હું ભારી;
અરે સૌ લોકમા લાજ્યું, હવે પસ્તાઉછું ઝાઝું.

સદાફુળ— જફાવો સીતમકું સજાવાર હું—એ રાહ)
થવાનું હતું તે થયુ દીકરા, હવેથી તમે ચાલજો પાંશરા;
તને તેડી લાવી વહુ ડાપણે અતિ હર્ષે આજે મળ્યા આપણે
લી—ગયું વિઘ્ન સૌ વૃદ્ધના પુન્યથી, નમું પાય હું મસ્તકે ભાવથી
સદા—બહુ બુદ્ધિશાળી વહુ તું મળી..........................
લીલા—.................અહો આપ આશીષ આતો ફળી,
સે—શિયળ સાચવ્યું તે પ્રિયા સુતની, વધો વેલ તારા થકી કુળની;
વધુ શું વદું ગુણ તારા વધુ, તને ધન્ય છે સૂખ આપ્યુ બધું;
અચળ તારૂં રેહેજો સુહાગણપણું, સદા સુખમાં જીવજો તું ઘણું
કળા કેળવી લાવી તુ કથને, થજો પુન્યશાળી સુપુત્રો તને.

પ્રવેશ ૫ મો.

કુંવર—   જીલ્લા ગજલ.

આજ છે ઉદાસ આંખ આંસુથી ભરી,છાની રહે છબિલિ ગયો છેતરી
કા—હા! કરી બેહાલ લાલ બ્હાલ વિસરી,ઉંડે કુવે ઉતારી મુઠી વતંને છરી
ક્રોધમાં બોલાઇ ગયું રંગ રસભરી,પ્રપંચ એનો રંચપહેલો જાણ્યો નહીંજરી
[illegible] કુ ભરી,હાય હાય લાલ મારો [illegible] ભરી

(કાફીઓ—બેડો બાઇ બુડતો તારોરે, એ રાહ)

અરે દુઃખ આ કયાં ઉચારૂં રે, બળે ભડકે મન મારૂં રે; (એટેક.)
પરણ્યા વિના પારકા પતિ સાથે, રમીએ અહરનિશ રંગ;
જોબન જાતાં જતાં રહે વેગળા, સ્વારથિયા તજી સંગ; અરે
ક—સુમતિવિલાસથી સ્નેહ કરીને, વરજ્યો વેશ્યાનો વેપાર;
એ ભરવાડીને ભાળી લોભાણો, તમને કર્યો તિરસ્કાર.
સુણી દુઃખ આવું તમારૂં રે, બળે મનડું પણ મારૂં રે, (એ ટેક)
કા—ભરવાડી નહિ હતી કામિની એમની, ભોળવી ગઇ ભરતાર;
વળી વિચક્ષિણતા વાણિઅણની, ગણિકા ગણાઇ ગમાર અરે
ક—પહેલું કહ્યું તું મેં વાણિયા સ્વાર્થી, સમજ્યાં વિત્યા પછી સહુ
શોક તજો મળશે મહી મંડળ, એના જેવા બીજા બહુ, સુણી
એક મુકી બીજો કરીએ વળી, બીજો મુકી ત્રીજો ભરતાર;
એમ અનેક ધણી કરીએ, એવો આપણો છે કુળાચાર. સખી
કા—ધિઃક કુળાચાર આપણો એવો, સ્વામીનો જયાં ન સુમાર,
યાર બોલાવા બજારમાં બેસવું, લાજ મળે ન લગાર. અરે,
ચોર જુગારી ઉચ્ચકાઓ આપણી પ્રીતિ કરે બેસી પાસ;
આપણોને વળી આપણા યારનો વિશ્વ કરે ન વિશ્વાસ અરે,
ભોળવી કઇકને ભસ્મ ચોળાવીએ; ધરીએ ન એકે ધર્મ;
હાય હજારો હરામીની સાથે, કરીએ નીચાં નિત્ય કર્મ. અરે
કઇક વેશ્યાઓને જીવથી મારે, છળ થકી છેતરી જેમ;
દુષ્ટ કોઇ દગો દેઇને મારશે !!! આપણને પણ એમ અરે
ભલક મારી ભલે ચોટામાં ચાલો, જાલી ગુલાબના ગુચ્છ;
સદ્‌ગુણી માણસ સમજે વેશ્યાને, તરણા થકી પણ તુચ્છ, અરે
[illegible] નિત્ય પ્રસંગથી [illegible]
[illegible] અરે

એતો ઘણું દુઃખ પામે આપણથી, જ્યારે જોબન તેનું જાય;
કીડા પડે કાઢનાર જડે નહીં, મરવાથી મડદું ગુંથાય, અરે
પરભવ પાપ કર્યં પરિપુરણ, આવ્યો વેશ્યા અવતારે,
આ ભવમાં પણ અધિક કરી અઘ, નરકે જવું નિરાધાર, અરે,
વેરી ગણી વ્યભિચારીએ વરજી, પરણી થકી કરી પ્રેમ,
એક કોડી પણ મારી કને નથી, કંને હવે કરૂં કેમ. અરે,
રૂપ—મારી બાઇ મનમા ન મુંઝાશો, સ્નેહે રહેજો મમ સાથ;
વેશ્યા વેપાર પ્રપંચ બધો તજી, જપશું હવે જગનાથ સુ૦

પ્રવેશ ૬ ઠો.

સુગુણ—(વ્હાલાજીની વાટડી અમે જોતારે, એ રાહ)
લીલાવતી નાર નિજ ઘર લાવીરે, ગણિકાને ગોથું ખવરાવી.લી ટેક)
ભગીએ આવ્ય વ્હાલી સખી મારીરે, માત તાતની શોભા વધારીરે,
કિરતી પ્રસરી જગ તારી, લીલા,
બહુ રૂડા મા બાપની બેટીરે, હતી છેક છબીલાથી છેટીરે,
ભરતાર થકી ભલે ભેટી, લીલા,
લી-સખી શરીરે તો છે સાજી તાજીરે. મારાં સુખમાં છે માતપિતાજીરે;
સુગુ—સારો દીવસ ફુણી થયા રાજી, પ્યારી સખી પીયર પનોતી-
પધારોરે, સૈયર વર્ગનો હર્ષ વધારો—પ્યારી... ટેક)
ભર્યો ખોળો સસારની રીતિરે, હુંશ શીયળ પ્રભાવથી વીતીરે;
લીલા—વાયણાં જમી વાટ જોતીતી, જમવા ઉઠો પીયર હવે હુ તો-
આવુ રે, માત તાતને શીશ નમાવુ જમવા—(ટેક)
મને આજ્ઞા સાસુજીએ આપીરે, પ્રભુ છે પતિને તથાપિરે,
જેની કરૂણાથી જશ વ્યાપી, જમવા—

પ્રવેશ ૭ મો.

સુમતી--બનજારો, પ્રિય મિત્ર વિના હો ભાઇ એ રાહ,

હું વિષય અંધ અવિચારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
આચાર કરી નિજ અળગો, વેશ્યા વાઘેણને વળગ્યો;
ભાંડી બુદ્ધિ થઇ મારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
મરકટવત્ મને રમાડી, ઉજ્વળ કુળ એબ લગાડી;
એ વેશ્યા હવે વીસારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
બહુ મોટા ઘરની બાળા, એ મનહર ગુણ મણિમાળા;
મુજ માટે થઇ તૈયારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
અગણિત હરી દ્રવ્ય અમારૂં, તેં ભર્યું હતું ઘર તારૂં;
ધિક્ક ગણિકા વિષય વિકારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
વેશ્યાને ભીખ મગાવી, એથી અધિક ધન લાવી;
તું પ્રેમ બતાવી પ્યારી, સદ્ગુણી પ્રિયા સુખકારી
મેં માત પીતા અપમાની, તજી બીક બધી દુનિયાની,
હું કામ, દ્રાખ ધિક્કારી, સદ્ગુણી પ્રિયા સુખકારી,
મમ સમ જે કુકર્મ કરશે, કદી મોત વગર તે મરશે,
કોઇ શુળી ચડયા વ્યભિચારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
વેઠું છું વિયોગ વારૂ, તું ગઇ સુઆવડ સારૂ,
આજ્ઞા માગીને મારી, સદ્ગુણી પ્રિયા સુખકારી.
વ્હાલીએ વંશ વધાર્યો, આહા! પુત્ર પ્રસવિયો પ્યારો;
.આ ખબર લખી ખુશકારી, સાકર વે'ચાવું સારી.

પ્રવેશ ૮ મો.

લીલા— માતા જસોદા ઝુલાવે, એ રાહ
પ્રેમે પોઢયા છો કુળદિપક મારા પારણે,
નિરખું હરખું તુજને લાડકવાયા બાળ

કાજળ આંજેલી અલબેલી લાગે આંખડી;
તારા ગોરા ગોરા ગુલાબ સરખા ગાલ
અલોલોલો હાલો હાલો વ્હાલા વિરવિલાસને. એ ટેક.
નાનકડા રાજ મોટા થાઓ નિશાળે મુકીએ,
ભણીશ તો પરણાવીશ ગોરી વહુ ગુણખાણ;
હમણા આવીને પિતાજી તારા તેડશે,
જાગ્યા જાગ્યા જાગ્યા જાગ્યા જીવન પ્રાણ. અલો—

સુ— કૃપા કરજોરે દેવ મુનિ—એ રાહ.

બાઇ જાગ્યા કે, હજુ સરકાર ઉંઘે છે;
લી—આવો તેડોને જુઓ તમ સામુ જુએ છે;
સુ—શું આજ ઉઠયા ઉલાસે, આવો શેઠ અમારી પાસે,
મુછ પકડી વિરવિલાસે, કર્યું કુકુરે હતૂ તારૂં ભલું થાય બાપ;
મારા ચોખાંરે, લુગડાં અસ્યા તેં બગાડયાં.

ચતુર્થ અંક સમાપ્ત.

अंक ५ मो.

પ્રવેશ ૧ લો.

સુમ—(ઝુલણાછંદ ભેરવી, પાસ શંખેશ્વરા, એ રાહ)
વીરવિલાસનું લગ્ન કર્યું મગ્ન થઇ, વાવરયું વિત્ત જશ ખુબ વાધ્યો,
આધિવ્યાધિ ટળે જેથી મુક્તિ મળે, કર્મ તજી ધર્મ નહી ધર્મસાધ્યો
સર્વ સૂખકરણ આચાર્ય ઉપદેશ છે, ચરણવદન કરી ચરણ માગું;
ભવઅઘ હરણ મુનિ તેહ તારણતરણ, શરણ કરી ચરણસ સારત્યાગુ
આજને કાલ કરતાં ગયો કાળ બહુ, બાળ પપાળ આ માલ મૂયા;
હાલ બેહાલ થઇ હાથ કરવો પડે, કાળની જાળમાં જો ઝલાયા,
રામ રાવણ પ્રમુખ રિદ્ધિ મુકી ગયા, જગતમા કોણ સો જાય નાગુ

ઓઘઅઘ હરણ મુનિ તેહ તારણતરણ, શરણ કરી ગૃહણસંસારત્યાગુ.
ધિક્ સંસારસુખ નરકમાં ગરક થઇ, આંખ ઉઘાડી ઉંચુ ન જોયુ,
અર્થ ઉપાર્જવા અર્થ અળગો કરી, આટલું આઉખું વ્યર્થ ખોયું.
શુદ્ધ શ્રદ્ધા થઇ ન્યુનતા નવ રહી, આજ મમ પૂર્વનું પુન્ય જાગ્યુ
ઓઘઅઘ હરણ મુનિ તેહ તારણતરણ, શરણ કરી ગ્રહણ સંસાર ત્યાગુ

પ્રવેશ ૨ જો.

લીલા—(રામકળી) શ્રીરે સિદ્ધાચળ ભેટવા, એ રાહ)

ધર્મઘોષ સુરીશ્વરજીને, વીરા વંદવા જઇએ,
સદ્ઉપદેશ સુધા સમો, સુણતા સુખ લઇએ. ધર્મ
પરભવના પુન્ય ઉદયથી, નયણે ગુરૂ નિરખ્યા,
ભવ્ય કમળ પ્રતિબોધવા, સુરી સૂરજ સરખા. ધર્મ

વી—માજી મુનિવર વંદવા, આજ હુ પણ આવું.
કરજોડી વિનતી કરી ઘેર વ્હોરવા લાવુ, માજી

પ્રવેશ ૩ જો.

લી—(નાથ કેસે ગજકો બંધ છોડાયો એ રાહ),

સૂરિ મુખ સાંભળી શ્રીજીનવાણી, જુઠીમને જગતની માયા જણાણી સૂ
વડ બીજ માફક કર્મ વધે છે, પાપ કરો નહી પ્રાણી,
પરભવ પોપટ પાંજરે પુરી, કીધી કર્મ કમાંણી. સૂરી.
પોપટડી સાડી બાર ઘડી સુધી, દિલમા વિજોગે દુભાણી;
એથી હું તો સાડા બાર વર્ષ લગે, વિરહના ભાલે વીંધાણી સૂરી.
કર્મ વિટંબના પરભવ કેરી આ, જાતિ સ્મરણ થકી જાણી;
દંપતી દીક્ષા ગ્રહણ હવે કરશું, પરણવા શિવ પટરાણી. સૂરી.
વીર—(મને મુકી ગયો છે મારો છેલડોરે. એ રાહ)
અરે મુજને મુકીને આમ એકલોરે, થશો સાધુજી તમે શું ખરેખાત;
માતતાત, મારી શી વલે થશે વિચારીએરે, એ ટેક.

શરીરછત્રતીર્થરૂપ છો હું છોકરૂં રે, વેઠી શકીશ કેમ વિરહ વજ્રપાત માત-
ખુશીદેખીનેમનેતમે ખુશી થતારે, મનેદુઃખીદેખીકરતાં અશ્રુપાત; માત.-
કદીમોડુંથતું આવતાંનિશાળથીરે, વાળુવખત વિતેકરતા વલોપાત માત.-
પિતાવિના મનેકોણ સમજાવશેરે, બાઇબાઇ કહી લોક રીતભાત, માત,-
હજુદિલ ધાર્યું મેંનથી દુકાનમાંરે, ગુપ્તકરવી કયાં વેવારતણીવાત માત.
લી-ડુસકા લઇનેઆમરડવું આવા દીકરારે તને શોભતું નથી અરેસુજાણ;
મારા પ્રાણ, સંજમ લેવાની આપ્ય સંમતિરે (એ ટેક.)
સુખદાઇ સદાશ્રાધ ધર્મ સાધજેરે સુણજે રાગસહીત વિતરાગ વાણ; મા

વીર—(જફાવો સીતમકુ સજાવાર હું એ રાહ)
વિનય નફીને માત સાથે વઢયો, હઠીલાઇથી હું તમોને નડયો;
કદી તોય તેં રીશ મા નહીં કરી, મને સુખ માટે દુખી થઇ ખરી.
પિતાજી ઊછાળી હશે પાઘડી, હસી કાઢતા હેતથી હરખડી,
મને પાળી પોષી ભણાવ્યો ભલું, કૃપાળુ કરો શું કહું કેટલું;

સ—સુકૃત કરના હોયસો કરલે (એ રાહ.) ભેરવીમાં પણ ગવાયછે.
સ્વારથિઓ સંસાર અરે, આ સ્વારથિઓ સંસાર.

અમે થશું અણગાર, અરે આ સ્વારથિઓ સંસાર, ટેર
ધોરી કાંધે ધરી ધુંસરૂં, વહે જ્યાં સુધી ભાર,
નિજ ગરજે ધૃત પાય પરાણે. પંઝી નીરે નહીં ચાર, અરે
કમાય ત્યાંસુધી કહે કાકા, પુત્રાદિક પરિવાર.
ડોસો કહી દરકાર કરે નહિ, વૃદ્ધ બને જે વાર, અરે
સાવધાન દીસે સ્વારથમાં, નિજ નિજના નરનાર;
ગરજે બાપા કહે ગરધવને, મારે કહ્યું માર. અરે
મ્હોટા મ્હોટા મ્હેલ બનાવી, કરી બાગમાં બ્હાર;
માલ મતા ધન દોલતમાંથી, લેશ ન આવે લ્હાર અરે
તુજ અર્થે મેં અર્થ ઉપાર્જયું, કરી વિવધ વ્યાપાર.

વીર્યવિલાસ તને પરણાવ્યો, હવે ઘણો હુશિઆર, અરે
સગાં સબંધી સર્વે નકામાં, અંતે અલગ થનાર;
પુન્ય પાપ બાંધીને પલ્લે, જન્મ્યું તેહ જનાર અરે
શ્રદ્ધા સહિત જીન ધર્મ પાળજે, નિજ શક્તિ અનુસાર;
નિત્ય નેહથી સ્તવજે શ્રીજીન, મંગળ સુખદાતાર
એથી તુજ સફળ મનુષ્ય અવતાર, અમે થશું અણગાર. એથી

પંચમ અંક સમાપ્ત.

કળશ.

સર્વ પાત્રો—(**ધનાશ્રી** વિનતી ધરજીન ધ્યાન. ત્રિતાળ ધીમે.)
નાટક નવિન રસાળ રસિક રચ્યુ, નાટક નવિન રસાળ [એ ટેક]
સુમતીવિલાસ લીલાવતી—સુંદર, દંપતી અતી સુકુમાળ
સંજમ પાળી સુરગતી સાધી, નરક તીર્યંચ ગતી ટાળા. રસિક—
એકાવતારી એ નરનારી, વંદુ ભાવ વિશાલ,
ધન ધન ભવિજન જે શુદ્ધ સંજમ, આરાધે ઉજમાળ, રસિક—
શ્રીજીન ઉત્તમ શિષ્ય પદ્મના, રૂપના કિર્તિ કૃપાળ.
તાસ શિષ્ય **ઉદ્યોતવિજય પં૦** ગીરતારથ ગુણ માળ રસિક—
તે મુનીના **શિવરામ** થયા શીષ્ય, ગુરૂ આપણા પ્રતિપાળ,
તેહ પિતા ગુરૂ પાય પસાયે તુટી જડ મતી જાળ. રસિક—
વિક્રમ સંવત્સર ઓગણીશત ત્રેતાળીશની સાલ
વડતપગચ્છમાં રાજસુરીશ્વર રાજે ઝાકઝમાળ, રસિક—
શ્રોતા સદ્ગુણી ભૂલ જો ભાળો. કરશો માફ મયાળ,
સ્નેહ સહિત નાટક નિરખંતાં, સંઘમાં મંગળમાળ. રસિક—
અણહીલપુર પાટણનો વતની, **રાજનગર** રહુ હાલ,
જૈનશાળામાં જૈન અધ્યાપક, શિવસુત કેશવલાલ. રસિક—

સંગીત લીલાવતી નાટક પંચાંકી સમાપ્ત.